# RCCI
# E-BULLETIN
## 3rd Edition 2024



**RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY**


:: Registered Office ::

Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001

Phone : 0281-2227400, 2227500 | Fax : 0281-2230824 | M : 73831 27400

E-mail : rajkotchamber@yahoo.co.in | Web : www.rajkotchamber.com


Follow Us On

www.rajkotchamber.com

# વર્ષ ૨૦૨૨-૨૦૨૫ માટે
# વરાયેલ હોદ્દેદારશ્રીઓ



વી. પી. વૈષ્ણવ
પ્રમુખ



પાર્થભાઈ ગણાત્રા
ઉપપ્રમુખ



નૌતમભાઈ બારસીયા
માનદ્ મંત્રી

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY
R.C.C.I.
Since 1954



ઉત્સવભાઈ દોશી
માનદ્ સહમંત્રી



વિનોદભાઈ કાછડીયા
ખજાનચી

# વર્ષ ૨૦૨૨-૨૦૨૫ માટે વરાયેલ
# કારોબારી સભ્યશ્રીઓ



અચ્યુતભાઈ જસાણી


અમૃતલાલ ભારદીયા


અનિલભાઈ વણપરીયા



અશોકભાઈ વિરડીયા


બ્રિજેનભાઈ કોટક


દિપકભાઈ પોબારૂ


ગૌરાંગભાઈ ઠક્કર


કલ્પેશભાઈ ડોબરીયા


કુમનલાલ વરસાણી


કુશલભાઈ પોપટ


મનોજભાઈ ઊનડકટ


નરેન્દ્રસિંહ જાડેજા


નિલેશભાઈ ભલાણી


પ્રણવભાઈ ભાલાળા


રાજેશભાઈ જુંજા


સમીરભાઈ વેકરીયા


સત્યેનભાઈ પટેલ


સિધ્ધાર્થભાઈ પોબારૂ


વિનોદભાઈ ગઢીયા


પંકજભાઈ ધમસાણીયા
(કો-ઓપ્ટ સભ્ય)


કિશોરભાઈ વઘાસીયા
(કો-ઓપ્ટ સભ્ય)


નરેશભાઈ શેઠ
(કો-ઓપ્ટ સભ્ય)

Since 1954

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

## RCCI is Authorised to Issue Non Preferential Certificate of Origin

(Public Trade Notice No.18, Dt.14-6-2002 of DGFT, Govt. of India, Ministry of Commerce & Industry, New Delhi)

## GET COO THROUGH RCCI

- **One of the First body in Saurashtra to migrate to the new DGFT COO Portal : www.coo.dgft.gov.in**
- **Dedicated COO staff to support queries, technical obstacles and DGFT related queries.**
- **Instant and timely service with less waiting period for both manual as well as online COOs.**
- **E-wallet facility is available for exporters to issue COO through RCCI on DGFT's website.**
- **COO issued by RCCI are accepted by all the countries in the world.**
- **COO Issued online are QR-coded to authenticity.**

**:: Registered Office ::**

Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001
**Phone :** 0281-2227400, 2227500 **Fax :** 0281-2230824 **M :** 7383127400
**E-mail :** rajkotchamber@yahoo.co.in **Web :** www.rajkotchamber.com

**:: Follow us ::**

@ChambersRajkot Rajkot Chamber of Commerce & Industry @rajkotchamber

# આધુનિક સુવિધા સજ્જ

# કોન્ફરન્સ હોલ




*કોન્ફરન્સ હોલ ભાડે રાખવાના દર નીચે મુજબ છે.*
*તેમા લાઈટ, પંખા, સફાઈ તેમજ માઈક ચાર્જ સામેલ છે.*

| વિગત | અર્ધો દિવસ | આખો દિવસ |
|---|---|---|
| સમય | ૪ કલાક | ૮ કલાક |
| હોલ બુકિંગના દર : સભ્યો માટે | ૨૦૦૦ | ૪૦૦૦ |
| અન્ય માટે | ૨૫૦૦ | ૫૦૦૦ |
| ડિપોઝીટની રકમ | ૭૦૦૦ | ૧૦,૦૦૦ |

- એ.સી. વપરાશ માટેનો ઈલેક્ટ્રીક ચાર્જ યુનિટ દીઠ રૂા.૧૫ છે.
- પ્રોજેક્ટરનું ભાડુ રૂા.૧૫૦૦(અર્ધા) રૂા.૩૦૦૦(આખા) દિવસ માટે થશે.
- કુલ હિસાબ પર ૧૮% GST અલગથી લેવાશે. (નિયમાનુસાર ફેરફારને પાત્ર)

**વધુ માહિતી માટે**
**ચેમ્બરની એડમીન ઓફિસમાં સંપર્ક કરવા વિનંતી.**

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# Follow Us On Social Media

## Just Click on Icons

Let's get Connect For Our latest news & Upadtes

@ChambersRajkot

@rajkotchamber

@Rajkot Chamber Of Commerce & Industry

@rajkotchamber

## Download RCCI Application

ANDROID APP ON Google play

Download on the App Store

# પ્રમુખશ્રીની કલમે



**વી. પી. વૈષ્ણવ**
પ્રમુખ

**સ્નેહી સભ્યબંધુઓ,**

આપ સૌને આ ઈ–બુલેટીન મારફત મળતા આનંદની લાગણી અનુભવું છું. આપણી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ૭૦ વર્ષથી રાજકોટમાં પથરાયેલ વેપાર–ઉદ્યોગનાં ઉદ્ભવતા પ્રશ્નો અને શહેર વિકાસનાં પ્રશ્નોની કેન્દ્ર–રાજય સરકાર અને તેનાં સંલગ્ન વિભાગો સમક્ષ રજુઆતો કરી તેના નિરાકરણ માટે કાર્યશીલ રહેતી હોય, રાજયની પ્રભાવશાળી મહાજન સંસ્થા તરીકે ઓળખાય છે. જે જાળવી રાખવા અમો કારોબારી સભ્યો સતત પ્રયત્નશીલ રહીએ છીએ. જેમાં આપ સૌનો સાથ–સહકાર પ્રેરણારૂપ બની રહે છે.

મિત્રો, અમો અનેવિધ વેબીનાર–સેમિનાર–પરિસંવાદ–ઓપન હાઉસ વગેરેનું આયોજન કરીએ છીએ. સાથો સાથ વેપાર–ઉદ્યોગનાં પ્રશ્નો જાણવા–સમજવા તેમજ તેની અસરકારક રજુઆતો સબંધકર્તા વિભાગો સમક્ષ કરીએ છીએ. ત્યારે આપનાં ધ્યાન પર વેપાર–ઉદ્યોગ અને શહેરી વિકાસને લગતા કોઈપણ પ્રશ્નો–સુચનો હોય તો તે રાજકોટ ચેમ્બરને મોકલી આપવા અનુરોધ કરૂં છું.

અને મિત્રો, રાજકોટ શહેર વેપાર–ઉદ્યોગનું હબ ગણાય છે ત્યારે તેનું પ્રિતિનિધિત્વ કરતી આપણી રાજકોટ ચેમ્બરની સભ્ય સંખ્યા નોંધપાત્ર બને તે માટે આપના પરિચિત એવા વેપાર–ઉદ્યોગકારો ચેમ્બરના સભ્યો ન હોય તો તેઓ સભ્ય તરીકે જોડાય તેવા પ્રયાસ કરી આપણી સંસ્થાને સંગઠીત અને વધુ પ્રભાવશાળી–મજબુત બનાવવામાં સહભાગી બનશો તવી અપેક્ષા સહ વિરમું છું.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ઈન્ટરનેશનલ ફલાઈટ શરૂ કરવા માટે કસ્ટમ્સ અને ઈમિગ્રેશનની સુવિધા તાત્કાલીક શરૂ કરવા તેમજ રાજકોટ–દિલ્હી અને રાજકોટ–મુંબઈ માટે વધારાની સવારની રોજીંદી ફલાઈટ શરૂ કરવા કેન્દ્રીય તથા રાજયના ઉડયનમંત્રીશ્રી તથા સંસદ સભ્યશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ હિરાસર એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપોર્ટની માન્યતા મળેલ હોય તેમજ આ એરપોર્ટ ઉપર ઘણી બધી સુવિધાઓ મળી રહી છે. ત્યારે રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોવાથી ટ્રાફિક પણ પુષ્કળ પ્રમાણમાં વધી રહયો છે અને વેપાર–ઉદ્યોગો પણ ધમ ધમી રહયા છે. ત્યારે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ઈન્ટરનેશનેશલ ફલાઈટો શરૂ કરવા કસ્ટમ્સ અને ઈમિગ્રેશનની સુવિધા તાત્કાલીક શરૂ કરવા તેમજ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી રાજકોટ–દુબઈ, રાજકોટ–સીંગાપુર–મલેશીયા જેવી ઈન્ટરનેશનલ ફલાઈટો શરૂ કરવી. જેથી કરીને રાજકોટ વેપાર–ઉદ્યોગ જગત અને ટુરીઝમનું હબ હોવાથી ઘણો બધો ફાયદો થશે.

સાથો સાથ આવનારા દિવસોમાં રાજકોટ–દિલ્હી માટેની એક ફલાઈટ શરૂ થનાર છે તે સારી બાબત છે. પરંતુ રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારો, આમ જનતા રાજકોટ–દિલ્હી અને રાજકોટ–મુંબઈ અવાર–નવાર પોતાના ધંધાર્થે તેમજ આરોગ્યલક્ષી સારવાર મેળવવા માટે મુસાફરી કરતા હોય છે અને દિનપ્રતિદિન મુસાફરોની સંખ્યા પણ વધતી જાય છે. જેથી ખુબ જ મુશ્કેલી પડી રહી છે. તેથી રાજકોટ–દિલ્હી અને રાજકોટ–મુંબઈ માટે સવારની વધારાની રોજીંદી ફલાઈટ તાત્કાલી શરૂ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય ઉડયનમંત્રીશ્રી કિન્નજારપ્પુ રામમોહન નાઈડુજી. રાજયકક્ષાના મંત્રીશ્રી મુરલીધર મોહોલજી, સંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજી, ગુજરાત રાજયના ઉડયનમંત્રીશ્રી બળવંતસિહ રાજપુતજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. જેથી વેપાર–ઉદ્યોગકારો અને આમ જનતાને વધારાની સુવિધા મળી રહેશે અને કોઈપણ મુશ્કેલી ભોગવવી નહી પડે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા PGVCL ના એમડીશ્રીમતી પ્રિતી શર્મા મેડમના અધ્યક્ષસ્થાને તથા વિવિધ સબ ડિવીઝનના અધિકારીશ્રીઓ સાથે વિજળીને લગતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા PGVCL એમડીશ્રીમતી પ્રિતી શર્મા મેડમ, ચીફ એન્જીનીયર (ટેક) શ્રી આર. સી. પટેલ, ચીફ એન્જીનીયર (પ્રોજેકટ) શ્રી આર. જે વાળા, તથા સિનિયર વિવિધ સબ ડિવીઝનના અધિકારીશ્રીઓ સાથે વિજળીને લગતા વિવિધ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા તા.૩૧–૭–૨૦૨૪ ના રોજ પીજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, રાજકોટ ખાતે ઓપન હાઉસ યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં વિવિધ એસોસીએશનના હોદેદારો તથા અરજદારો હાજર રહયા હતા.

રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રથમ એમડીશ્રીમતી પ્રિતી શર્મા મેડમને બુકે આપી સ્વાગત કરી ઓપન હાઉસ ખુલ્લો મુકેલ તેમજ ચીફ એન્જીનીયર(ટેક) શ્રી આર. સી. પટેલ, ચીફ એન્જીનીયર (પ્રોજેકટ) શ્રી આર. જે વાળા, GETCO ના અધિક્ષક ઈજનેરશ્રી પી.કે. વરસડાનું શાબ્દીક અભિવાન કરી સૌને આવકારતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર હરહંમેશ વેપાર–ઉદ્યોગકારો અને આમ જનતાના ઉદભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે અગ્રેસર

રહી સરકારશ્રી તથા વિવિધ વિભાગોમાં એક સેતુ બની કાર્ય કરી રહયું છે. અમારી પાસે વેપાર–ઉદ્યોગકારો, અને આમ જનતાને વીજળીને લગતી ઘણી ફરીયાદો હોય તેને ધ્યાનમાં લઈ ઓપન હાઉસનું આયોજન કરેલ છે. જેમાં રજુ થનાર મહતમ પ્રશ્નોનું નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું તેમજ નિતી વિષયક પ્રશ્નો માટે સરકારશ્રી સમક્ષ રજુઆત કરીશું.



**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિજળીને લગતા નીચે મુજબ પ્રશ્નો ધ્યાને મુકેલ.**

(૧) વિકસતા જતા રાજકોટ શહેરમાં રીંગ રોડ – ૨ તથા આસપાસના સરાઉન્ડીગ એરીયામાં આશરે 500 MW જેવો લોડ નજીક ભવિષ્યમાં જોડાઈ શકે તેમ હોય માટે વ્હેલાસર 33 KV સીસ્ટમ અમલમાં મુકવી.

(૨) હૈયાત સબડિવીઝનો તેમજ ગ્રાહકોના ભારણના હિસાબે નવા સબડિવીઝનોના નિર્માણ કરતી તમામ પેરામીટરને ધ્યાને લઈ સબડિવીઝન અને ફીડરની રચના કરવી. જેના કારણે ફીડરનું ક્રોસીંગ ઘટશે, અકસ્માતો ઘટશે અને પાવર રિસ્ટોર અને ગ્રાહકોની સમસ્યાનું નિરાકણ વ્હેલાસર થશે તેમજ DISCOM ને ખર્ચનું ભારણ ઘટશે.

(૩) રાજકોટ આસપાસના વિવિધ ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં સેલ્ફ ડેવલોપીંગ ઈન્ડસ્ટ્રીયલ ઝોને ધ્યાને લઈને નવા સબ સ્ટેશન ઉભા કરવાની જોગવાઈઓ પેહેલેથી કરવી.

(૪) ઓનલાઈન અરજી માટે પીજીવીસીએલ દ્વારા CPC સેન્ટર ઉભું કરેલ છે. તેમ છતાં સબડિવીઝન લેવલે અલગથી તમામ ડોકયુમેન્ટ હાર્ડકોપીમાં અલગથી માંગવામાં આવે છે. જેથી ઓનલાઈન CPC નું મહત્વ રહેતું નથી. તો તે માટે સંકલન કરવું જરૂરી છે.

(૫) તમામ પ્રકારના કનેકશનમાં ૩ વાગ્યા પછીના સમયમાં તેમજ જાહેર રજાઓના દિવસોમાં મીટર બળવુ, ટ્રાન્સફોર્મર, સીટી પીટી ખરાબ થવાના કિસ્સામાં કામકાજ બંધ રહે છે. તો આ અંગે યોગ્ય ઉકેલ લાવવો જરૂરી છે. જેથી વેપાર–ઉદ્યોગકારોને મુશ્કેલી ન પડે.

(૬) નવા વિકસીત ઔદ્યોગીક વિસ્તારોમાં અલગથી 11KV ફિડરમાંથી પાવર મળે તેવું આયોજન કરવું. હાલ ગ્રામ્ય ફિડરમાંથી પાવર મળતો હોવાથી ટ્રીપીંગ આવે છે અને ફીડર બંધ રહેવાની સમસ્યા વધારે હોય તેથી અલગ વ્યવસ્થા કરવી.

(૭) નવા વિકસતા ઔદ્યોગીક એરીયામાં કનેકશન અને ફીડરની સંખ્યાને ધ્યાને લઈ માલ મટીરીયલ અને મેઈન્ટેનન્સ માટે વાહન ફાળવવા અને શકય હોય ત્યાં અલગ સબડિવીઝનની અથવા ફોલ્ટ સેન્ટરની વ્યવસ્થા કરવી.

(૮) એચ.ટી. વિજજોડાણમાં હાલ ફીકસ ચાર્જ અમલ હોય તેવા સંજોગોમાં અંડરગ્રાઉન્ડ કેબલ ચાર્જ કવોટેશનમાં બીનજરૂરી લગાવવામાં આવે છે. આવા કામો અગાઉ પીજીવીસીએલ દ્વારા સલામતીને ધ્યાને લઈને થવા જોઈએ તે થતા નથી.

(૯) હાલ વિકસીત ભારત અને રીન્યુએબલ એન્ર્જી માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા કામગીરી માટેની પોલીસી ચાલુ હોય ત્યારે કોર્પોરેટ તથા ડીસ્કોમની વિવિધ કચેરીઓના કામકાજનો ભારણ ખુબ જ વધુ હોવાથી તે માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવી.

(૧૦) રીબડા સબ સ્ટેશનની કામગીરી જે વિલંબમાં ચાલી રહી છે. તેનું તાત્કાલીક નિરાકરણ લાવવું.

પીજીવીસીએલના એમડીશ્રીમતી પ્રિતી શર્મા મેડમએ રાજકોટ ચેમ્બર દ્વારા કરાયેલ રજુઆતોના પ્રત્યુતરમાં જણાવેલ કે, ખાસ કરીને રૂરલ એરીયામાં જયાં જયાં ટ્રીપીંગની સમસ્યા આવે છે તે માટે અન્ડર ગ્રાઉન્ડ કેબલ તેમજ MBCC ઈન્ટરનેશનલ પ્રોજેકટ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ નેટવર્કને સ્ટ્રોંગ કરવા માટે આશરે ૮૦ જેટલા ફીડરો માટે ટેન્ડરીંગનું કામ ચાલી રહયું છે. જેથી કરીને મોટાભાગના વિજળીના પ્રશ્નોનું નિરાકરણ આવી જશે. તેમજ એગ્રીકલ્ચરને પુરતો પાવર મળી રહે તે માટે આશરે ૮૮ કરોડનો પ્રોજેકટ એપ્રુવ કરાયેલ છે. તેમજ મેઈન્ટેનન્સ માટે પણ તાત્કાલીક ટીમ ફાળવવામાં આવશે. આમ એમડી સાહેબએ આ ઓપન હાઉસને ખુબ જ ગંભીરતાથી લઈ ત્વરીત પગલા લેવાનું આશ્વાસન આપેલ હતું.

ત્યાર બાદ વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ તથા આમ જનતાઓ દ્વારા પોત પોતાના વ્યકિતગત પ્રશ્નો જેવા કે નવા મિટર કનેકશન, લોડ વધારો, સ્માર્ટ મિટર, થ્રી ફેઈઝ કનેકશન, નામ ટ્રાન્સફર, વિગરે અંગેની રજુઆતો કરવામાં આવેલ હતી.

આમ આ ઓપન હાઉસમાં એમડીશ્રીમતી પ્રિતી શર્મા મેડમએ તમામના પ્રશ્નોને શાંતિપુર્વક સાંભળી અને હકારાત્મક અભિગમ દાખવેલ હતો. તેમજ રાજકોટ ચેમ્બરએ મધ્યસ્થી રહી આ ઓપન હાઉસમાં મોટાભાગના પ્રશ્નોનું પીજીવીસીએલના એમડીશ્રી તથા અધિકારીશ્રીઓએ સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવેલ હતું અને રાજકોટ ચેમ્બરની આ કામગીરીને વધાવેલ હતી.

આ કાર્યક્રમના દિવસે જ રાજકોટ ચેમ્બર દ્વારા ચીફ એન્જીનીયર(ટેક) શ્રી આર. સી. પટેલએ જે બહોળા અનુભવનો યોગદાન આપેલ હતું તેમજ ખુબ જ ખંતથી કામ કરેલ છે તે બદલ વિદાય સમારંભ યોજી શ્રી શિવલાલભાઈ બારસીયા તથા શ્રી અશોકભાઈ વિરડીયા દ્વારા શાલ–બુકે આપી સન્માનીત કરેલ હતા.

કાર્યક્રમના અંતે જીઆઈડીસી લોધીકા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખશ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ ઓપન હાઉસનું આયોજન કરવા બદલ મેનેજીંગ ડિરેકટરશ્રી, અધિકારીશ્રીઓ તેમજ ઉપસ્થિત વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ અને આમ જનતા પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ હતી.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા યુનિયન બજેટ ૨૦૨૪–૨૫ ને સરળ રીતે સમજવા માટે જગવિખ્યાત કરવેરા સલાહકારશ્રી મુકેશભાઈ પટેલના વકતવ્ય કાર્યક્રમનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું... જેમાં બહોળી સંખ્યામાં સભ્યશ્રીઓ જોડાયેલ હતા.




કેન્દ્રના નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી દ્વારા જાહેર કરાયેલ યુનિયન બજેટ ૨૦૨૪–૨૫ અંગે સંપુર્ણ જાણકારી વેપાર–ઉદ્યોગકારો તથા આમપ્રજાને મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિવિધ સંસ્થાઓને સાથે રાખી જગવિખ્યાત કરવેરા સલાહકાર, પ્રખરલેખક તથા વકતાશ્રી મુકેશભાઈ પટેલના વકતવ્ય કાર્યક્રમનું ઓનલાઈન આયોજન કરવામાં આવેલ અને રાજકોટ ચેમ્બરના હોલમાં આ કાર્યક્રમને નિહાળવા માટે વ્યવસ્થા કરવામાં આવેલ હતી. જેમાં રાજકોટ ચેમ્બરના હોદેદારો, કારોબારી સભ્યઓ, વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ અને બહોળી સંખ્યામાં સભ્યશ્રીઓ ઓનલાઈન જોડાયેલ હતા.

કાર્યક્રમના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી. પી. વૈષ્ણવએ મુખ્ય વકતાશ્રી મુકેશભાઈ પટેલ તથા સૌ સભ્યોશ્રીઓને આવકારી રાજકોટ ચેમ્બરની વર્ષોની પ્રણાલી મુજબ બજેટ અંગેના વકતવ્ય કાર્યક્રમનું આયોજન કરવા માટે શ્રી મુકેશભાઈ પટેલ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરીને નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૪–૨૫ માટે રજુ કરેલ બજેટમાં વેપાર–ઉદ્યોગકારો અને આમપ્રજા ઉપર કેવી અસર રહેશે અને કેટલા લાભો મળવાપાત્ર થયા છે તેની વિસ્તૃત જાણકારી સૌને મળી રહે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

કાર્યક્રમમાં ઓનલાઈન જોડાયેલ શ્રી મુકેશભાઈ પટેલ દ્વારા પોતાની આગવી શૈલીમાં બજેટનું વિશ્લેષણ કરતા દેશ આજે વિકસિત ભારત તરફ આગળ વધી રહયું છે તે આપણા માટે ગૌરવની વાત કહેવાય. આ બજેટમાં આ વખતે આવકવેરામાં જુના સ્લેબની સાથે નવા સ્લેબમાં જે ફેરફાર કરવામાં આવ્યા છે તેની વિસ્તૃત જાણ કરી સેલેરાઈડ એમ્પલોયને સ્ટર્ન્ડડ ડિડકશન ૫૦ હજારથી વધારી ૭૫ હજાર કરવામાં આવેલ, કેપિટલ ગેઈનમાં બે હોલ્ડીગ પીરીયડમાં ચેન્જ કરેલ છે માત્ર ૧૨ અને ૨૪ મહિનાનો પિરીયડ રાખવામાં આવેલ છે., લોન્ગ ટર્મ કેપીટલ ગેઈન અને શોર્ટ ટર્મ કેપપીટલ ગેઈનમાં ઈકવીટી અને મ્યુચ્યુઅલ ફંડમાં નફા ઉપર ટેક્ષમાં જે ફેરફારો કરવામાં આવેલ છે તે અંગે, TDS અંતર્ગત વિવિધ વસ્તુઓ પર ઘટાડવામાં આવેલ રેટ અંગે જાણકારી આપી આ નવા રેટ તા.૧–૧૦–૨૦૨૪ થી લાગુ થશે. તેમજ TDS માં નવી

સેકશન ૧૯૪ટી ઉમેરાયેલ છે જેનો અમલ તા.૧–૪–૨૦૨૫ થી કરવામાં આવશે જેમાં પાર્ટનરોને વિવિધ લાભો મળે છે તેના પર કપાત થતા TDS ના સ્લેબમાં ફેરફાર અંગે, જોઈન્ટ હોલ્ડર હોય કે ન હોય ૫૦ લાખની પ્રોપર્ટી ઉપર ૧% TDS કાપવાનો રહેશે અને પુરૂ પેમેન્ટ ચુકવવાનું રહેશે. TCS અંતર્ગત ઈન્ડીવિડયુઅલનો ૧% TCS કપાયેલ હોય તો તે રીટર્નમાં બાદ મળશે.

હવેથી કોઈપણ રેસીડેન્ટ કે કોમર્શીયલ પ્રોપર્ટીનું વહેંચાણ થાય અને તે પ્રોપર્ટીની ખરીદી જો ૧–૪–૨૦૦૧ પહેલાની જ હોય તેવી પ્રોપર્ટી વહેંચતા ઈન્ડેકશેશન જુના મુજબ બાદ મળશે., એસેસમેન્ટ–રીએસેસમેન્ટના કેસો હાલ ૧૦ વર્ષ સુધીના ખોલાવામાં આવતા હતા તેની લીમીટ ઘટાડી ૫ વર્ષની કરાયેલ છે., નવી વિવિદ સે વિશ્વાસ સ્કિમ ૨૦૨૪ અંગે, ઈઝ ઓફ ડુંઈગ બિઝનેશ અંગે, MSME એકમો માટે અનેક રાહતો અંગે વિગેરે મુદાઓ પર બજેટ અંગે વિસ્તૃત છણાવટ કરેલ.ત્યારબાદ ઉપસ્થિત શ્રોતાગણો તરફથી બજેટ સંદર્ભે પુછાયેલ પ્રશ્નોના શ્રી મુકેશભાઈએ વિગતવાર જવાબો આપી જરૂરી માગદર્શન આપેલ.

વધુમાં પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે, ખાસ ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ 43B(h) અંગે MSME ને જે મુશ્કેલીઓ પડી રહી છે તે બાબતે યોગ્ય નિરાકરણ લાવવા સરકારશ્રીને વારંવાર રજુઆત કરવામાં આવેલ છે. સાથો સાથ આ બજેટમાં TDS, TCS, લોન્ગ ટર્મ અને શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન, ઈન્ડેકશેશન વિગરે બાબતોમાં જે વિસંગતતાઓ છે તો તેનું પણ યોગ્ય નિરાકરણ લાવવા સરકારશ્રી સમક્ષ ધ્યાન દોરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓનો આભાર વ્યકત તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના માનદ્મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય બજેટને સર્વાંગી વિકાસ માની આવકાર...



કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી દ્વારા ઈન્ટરીમ બજેટનો સમાવેશ કરી વર્ષ ૨૦૨૪–૨૫ નું સાતમું સંપર્ણુ બજેટ રજુ કરવામાં આવ્યું છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સર્વાંગી વિકાસ માની આવકારે છે. ભારતની અર્થવ્યવસ્થા મજબુત બની છે અને મોંઘવારી નિયંત્રણમાં છે. તેમજ વિકસીત ભારત ૨૦૪૭નો રોડમેપ તૈયાર કરાયેલ છે.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, સહમંત્રીશ્રી ઉતસવભાઈ દોશી, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ આ બજેટને આવકારતા તમામ વર્ગોનો સમાવેશ કરાયેલ છે. તેમજ ગત તા.૨૧–૬–૨૦૨૪ ના રોજ દિલ્હી ખાતે નાણામંત્રીશ્રીની અધ્યક્ષતામાં બજેટના સુચનો અંગેની મળેલ મિટીંગમાં રૂબરૂ ઉપસ્થિત રહી રાજકોટ ચેમ્બર દ્વારા વિવિધ મુદાઓની માંગણી કરાયેલ હતી. જેમાં થોડા ઘણાં મુદાઓનો સ્વીકાર થયેલ છે. આ બજેટમાં ગ્રામીણ, અર્થવ્યવસ્થા, ઉદ્યોગો, આવાસ, ગરીબ, મહિલા, કિશાન, હાઉસીંગ લોન, મનરેગા, કિશાનનિધિ, પ્રાકૃતિક ખેતિ ઉપર, આરોગ્ય વિગેરે પર ફોકસ કરવામાં આવેલ છે. રાજકોટ સૌરાષ્ટ્રનું હબ છે અને રાજકોટ શહેરમાં આશરે ૧.૩૨ લાખ MSME થી પથરાયેલ છે ત્યારે આ બજેટથી MSME ને ફાયદો થશે અને રોજગારીમાં પણ વધારો થશે. તેમજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલયન ડોલર ઈકોનોમીના વિઝનને સાર્થક કરવામાં રાજકોટ સહભાગી બનશે.

આમ બજેટના વિવિધ ખાસ મુદાઓ જેમાં ૯ મહત્વના સ્ત્રોતો (૧) કૃષિ ઉત્પાદકતા અને સ્થિતિસ્થાપકતા, (૨) રોજગારી અને સ્કિલ, (૩) સમાવિષ્ટ માનવ સંસાધન વિકાસ અને સામાજીક ન્યાય, (૪) ઉત્પાદન અને સેવાઓ, (૫) શહેરી વિકાસ, (૬) ઉર્જા સુરક્ષા, (૭) ઈન્ફ્રસ્ટ્રકચર, (૮) નવીનતા, સંસોધન અને વિકાસ, (૯) આવનારી પેઢીમાં સુધારને પ્રાથમીકતા આપવામાં આવેલ છે. MSME માટે નાણાંકીય પેકેજ, MSME કલ્સ્ટર્સ માટે સીડબીની વધુ બ્રાન્ચો ખોલાશે, સર્વિસ, મેન્યુફેકચરીંગ સેકટર માટે વિશેષ પેકેજ, ૧૨ નવા ઈન્ડસ્ટ્રીયલ હબ બનાવાશે, રિસર્ચ માટે ૧ લાખ કરોડની ફાળવણી, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના ૫ વર્ષ માટે લંબાવાઈ, કૃષિ સેકટર માટે ૧.૫૨ લાખ કરોડ, આગામી ૨ વર્ષમાં ૧ કરોડ ખડુતોને નેચર ફાર્મિંગ માટે પ્રોત્સાહન અપાશે, ગ્રામીણ વિકાસ માટે ૨.૬૬ લાખ કરોડ, ઈન્ફ્રાસ્ટ્રકચર માટે ૨૬ હજાર કરોડ, આશરે ૪.૧ કરોડ યુવાઓને કૌશલ્ય સક્ષમ બનાવાશે, જેના માટે ૨ લાખ કરોડની જોગવાઈ, ૧ કરોડ યુવાનો માટે ઈન્ટર્નશિપ પ્રોગ્રામની જાહેરાત જેમાં દર મહિને રૂા.૫૦૦૦નું ઈન્ટર્નશીપ ભથ્થુ અને રૂા.૬૦૦૦ એકમ સહાય, શિક્ષણ રોજગાર અને કૌશલ્ય માટે ૧.૪૮ લાખ કરોડની જોગવાઈ, શિક્ષણ માટે ૧૦ લાખ સુધીની લોન સહાય, મુદ્રા લોનમાં કર્જની મર્યાદા ૨૦ લાખ, પીએમ આવાસ યોજના અંતર્ગત ૩ કરોડ ઘર બનાવાશે, પીએમ સુર્યોદય યોજનાથી ભારત ચમકશે, મહિલાઓ માટે ૩ લાખ કરોડની જોગવાઈ, પાયાના માળખાના વિકાસ માટે ૧૧ લાખ કરોડની જોગવાઈ, રાજયોને સ્ટેમ્પ ડયુટી ઘટાડવા માટે જણાવાશે, ૧ હજાર આઈટીઆઈને અપગ્રેડ કરાશે, ડેટ રીકવરી ટ્રીબ્યુનલ યોજના અમલમાં મુકાશે, સોના અને ચાંદી પર કસ્ટમ ડયુટી ઘટાડીને ૬% કરાયેલ, ટેલિકોમ ઉપકરણો પર કસ્ટમ ડયુટીમાં ઘટાડો, ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ની ૬ મહિનામાં સમીક્ષા કરાશે, ઈન્કમટેક્ષ પ્રણાલીને સરળ બનાવાશે, જુના ટેક્ષ સ્લેબમાં કોઈ ફેરફાર નહી, નવો ઈન્કમટેક્ષ સ્લેબ : ૦ થી ૩ લાખ સુધી કોઈ ટેક્ષ નહી, ૩ થી ૭ લાખ સુધી ૫%, ૭ થી ૧૦ લાખ સુધી ૧૦%, ૧૦ થી ૧૨ લાખ સુધી ૧૫%, ૧૨ થી ૧૫ લાખ સુધી ૨૦%, ૧૫ લાખથી વધુ ૩૦% કરવામાં આવેલ, ઈ–કોમર્સ ઓપરેટરોને ટીડીએસમાં છુટ, કેપિટલ ગેઈન ટેક્ષેશનને સરળ કરાશે, સ્ટાર્ટ અપ વધારવા માટે એન્જલ ટેક્ષ નાબુદ, વિદેશી કંપનીઓ ઉપર કોર્પોરેટ ટેક્ષ ઘટાડી ૩૫% કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની સફળ રજુઆત... રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી ઈન્ટરનેશનલ ફલાઈટો ઓકટોબર મહિનાથી શરૂ થઈ જશે...

રાજકોટ ખાતે ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ બનાવવા માટે ઓથોરીટી દ્વારા વર્ષ ૨૦૧૦માં મંજુરી આપવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૪ થી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ દેશની સુકાન સંભાળેલ ત્યારથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્ર તથા રાજય સરકારના ઉડયનમંત્રીશ્રી–સંસદ સભ્યશ્રીઓને વારંવાર દિલ્હી તથા ગાંધીનગર રૂબરૂ મુલાકાતો લઈ મિટીંગો યોજી અનેકવાર ભારપુર્વક રજુઆતો કરી આ ઈન્ટરનેશનલ એરપોર્ટ પ્રોજેકટને તાત્કાલીકના ધોરણે શરૂ કરવા માટે અવિરત પ્રયાસો કરવામાં આવેલ હતા. જેના ફળસ્વરૂપે વર્ષ ૨૦૧૭માં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ખાત મુર્હત કરેલ હતું અને આ ગ્રીન ફિલ્ડ એરપોર્ટનું જુલાઈ ૨૦૨૩ માં લોકાર્પણ કરવામાં આવેલ. જે સરકારશ્રીનું સરાહનીય પગલું ગણાય અને રાજકોટ ચેમ્બર તેને આવકારે છે.

હાલ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે નવું ટર્મીનલ આશરે ૨ મહિનામાં કાર્યરત થઈ જશે અને ૪ જેટલા એરોબ્રીજની સુવિધા પણ મળશે. આ એરપોર્ટના એપ્રેનની અંદર ૧૪ જેટલી ફલાઈટો પાર્કિગ થઈ શકે તેમ છે. ત્યારે રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય સૌરાષ્ટ્રવાસીઓના હિતને ધ્યાને લઈ તેમજ વેપારઉદ્યોગકારોને ધમધમતા કરવા અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમીને સાર્થક કરવા માટે રાજકોટ–દુબઈ, રાજકોટ–સીંગાપુર–મલેશીયા જેવી ઈન્ટરનેશનલ ફલાઈટો તાત્કાલીકના ધોરણે શરૂ કરવા તેમજ આવી ઈન્ટરનેશનલ ફલાઈટો માટે કસ્ટમ્સ અને ઈમિગ્રેશનની સુવિધા પણ તાત્કાલીક ઉપલબ્ધ કરાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય ઉડયનમંત્રીશ્રી કિન્નજારપ્પુ રામમોહન નાઈડુજી, કેન્દ્રના રાજયકક્ષાના ઉડયનમંત્રીશ્રી મુરલીધર મોહોલજી, સંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજી તથા ગુજરાત રાજયના ઉડયનમંત્રીશ્રી બળવંતસિંહ રાજપુતજી સમક્ષ ગઈકાલ તા.૧૨ જુલાઈના ૨૦૨૪ ના રોજ લેખિત ઈ–મેઈલ મારફતે માંગણી કરવામાં આવેલ હતી. જેથી કરીને ઈન્ટરનેશનલ ફલાઈટો વ્હેલીતકે શરૂ થઈ શકે.

વધુમાં આ બાબતે પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજી તથા એરપોર્ટ ડાયરેકટરશ્રી દિગંતા બોહરાજી સાથે પણ ટેલિફોનીક સઘન ચર્ચા કરેલ હતી જેના ફળસ્વરૂપે આગામી ઓકટોબર માસથી રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઈન્ટરનેશનલ ફલાઈટો શરૂ થઈ જશે. જે બદલ રાજકોટ ચેમ્બર કેન્દ્ર તથા રાજયના ઉડયનમંત્રીશ્રીઓ અને સંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજીનો આભાર વ્યકત કરે છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને પ્રેફેન્સીયલ સર્ટીફિકેટ ઓફ ઓરીજીન ઈશ્યું કરવાની સતા આપવા અંગે DGFT ન્યુ દિલ્હી સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

ભારત દેશના સર્વાધીક વિકાસ માટે નિકાસ એ એક મહત્વનું પરીબળ છે. વિશ્વના અનેક દેશોએ ભારત સાથે ટ્રેડ એગ્રીમેન્ટો કરેલ છે અને તેના નિયમો પ્રમાણે નિકાસકારો–આયાતકારો ડયુટીમાં મુકિત જેવા ફાયદાઓ અને લાભ પ્રાપ્ત કરે છે. આવા લાભો પ્રાપ્ત કરવા માટે દરેક નિકાસકારોએ અન્ય દેશોમાં મોકવાપાત્ર ચીજવસ્તુઓ માટે પ્રેફેન્સીયલ સર્ટીફીકેટ ઓફ ઓરીજીન મેળવવું પડે છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી નોન પ્રેફેન્સીયલ સર્ટીફિકેટ ઓફ ઓરીજીન ઈશ્યું કરવા માટેની સતા ધરાવે છે અને દર માસે આશરે ૧૫૦૦ થી વધુ નોન પ્રેફેન્સીયલ સર્ટીફિકેટ ઈશ્યું કરે છે. તેમ છતા પ્રેફેન્સીયલ સર્ટીફિકેટ ઈશ્યું કરવાની સતા ન હોવાને કારણે નિકાસકારોને ઘણી મુશ્કેલીઓ પડી રહી છે અને ગર્વમેન્ટે નકિક કરેલ ડિપાર્ટમેન્ટ પાસેથી સર્ટીફિકેટ મેળવવું પડે છે.

આમ નિકાસકારોને પડી રહેલ મુશ્કેલીઓના નિરાકરણ માટે આગામી સમયમાં થનાર ટ્રેડ એગ્રીમેન્ટોમાં રાજકોટ ચેમ્બરનો સમાવેશ કરીને પ્રેફેન્સીયલ સર્ટીફિકેટ ઓફ ઓરીજીન ઈશ્યું કરવાની સતા આપવા રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ DGFT ન્યુ દિલ્હી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ–અમદાવાદ હાઈવેના બામણબોર તથા બગોદરા ટોલનાકાની વચ્ચેના રસ્તાઓને તાત્કાલીક રીપેર કરવા અંગે સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય રાજકોટ થી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને મુંબઈ તથા અન્ય શહેરોને જોડતો રોડ છે અને વ્યાપારી,ઈન્ડસ્ટ્રીયલ, રાજકિય, મેડીકલ, ટુરીઝમ જેવા વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલ લોકો અમદાવાદ તથા અન્ય શહેરોમાં દિવસ રાત અવર જવર કરતા હોય છે.

ત્યારે રાજકોટ થી અમદાવાદ જતા બામણબોર તથા બગોદરા ટોલનાકાની વચ્ચેના ફોર લાઈનના રસ્તાઓ તુટી જવાથી ખુબ જ બિસ્માર હાલતમાં થઈ ગયા છે અને મોટા ખાડાઓ પડી ગયેલ છે. જેના કારણે રાહદારીઓને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. તેમજ મુસાફરી દરમ્યાન આ બન્ને ટોલનાકાની વચ્ચેથી પસાર થવામાં આશરે ૧ કલાકથી વધુનો સમય લાગે છે. સાથો સાથ ઈંધણનો પણ વ્યય થાય છે અને પર્યાવરણને પણ નુકશાન થતું હોય છે. હાલ ચોમાસાની સિઝન શરૂ થયેલ છે ત્યારે આ રસ્તાઓ ઉપર મોટા ખાડાઓને કારણે પાણી ભરાતા ગંભીર અકસ્માતો થવાનો પણ ભય રહે છે. તેથી રાજકોટ થી અમદાવાદ જતા બામણબોર તથા બગોદરા ટોલનાકાની વચ્ચેના ફોર લાઈનના રસ્તાઓ તાત્કાલીના ધોરણે રીપેર કરવા તેમજ હાલ રાજકોટ–અમદાવાદ ૬ લેનની કામગીરી ચાલી રહી છે ત્યાં કુવાડવા રોડ પર ઓવરબ્રીજ બનતો હોવાથી તેની નીચેના બન્ને સર્વિસ રોડ પણ ખરાબ થઈ ગયેલ છે તો તે પણ તાત્કાલીક રીપેર કરી આ બન્ને સર્વિસ રોડ પહોળા કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ હાઈવે મંત્રીશ્રી નિતિનભાઈ ગડકરી, ગુજરાત રાજયના ટ્રાન્સપોર્ટ મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી તથા નેશનલ હાઈવેના પ્રોજેકટ ડાયરેકટરશ્રી હરમેન્દ્રસિંઘ રોટ્રવાલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની સફળ રજુઆત... રાજકોટથી ઉપડતી વિવિધ સમર સ્પેશ્યીલ ટ્રેનોને ડિસેમ્બર ૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રાની દ્વારા રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તેમજ કોઈપણ જાતની મુશ્કેલીઓ ન પડે તે માટે અવાર–નવાર રજુઆતો કરવામાં આવે છે. ત્યારે રાજકોટથી નીચે મુજબની વિવિધ સમર સ્પેશીયલ ટ્રેનો જે અઠવાડીક ચાલે છે તેને કાયમીના ધોરણે શરૂ કરવા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી, મુંબઈ જનરલ મેનેજરશ્રી અશોકકુમાર મિશ્રા તથા રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજરશ્રી અશ્વની કુમાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ હતી.

(૧) Train no. 09525 / 26 Hapa-Naharlagun-Hapa
(૨) Train no. 09575 / 76 Rajkot-Jadcharela-Rajkot
(૩) Train no. 09569 / 70 Rajkot-Barauni-Rajkot
(૪) Train no. 09520 / 19 Okha-Madurai-Okha
(૫) Train no. 09523 / 24 Okha-Delhi Sarai Rohilla-Delhi.

આમ રાજકોટ ચેમ્બરની રજુઆતને સફળતા મળેલ છે. અને આ વિવિધ સમર સ્પેશીયલ ટ્રેનોને ડિસેમ્બર ૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. જે બદલ રેલ્વે મંત્રીશ્રી, જનરલ મેનેજરશ્રી તથા ડીઆરએમશ્રીનો આભાર વ્યકત કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme ની સમય મર્યાદા ૫ વર્ષ સુધી લંબાવવા કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી...

કેન્દ્ર સરકાર દ્વારા MSME ઉત્પાદક નિકાસકારો માટે નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme જાહેર કરવામાં આવેલ. જે અંતર્ગત નિકાસકારો દ્વારા કરવામાં આવેલ પ્રી અને પોસ્ટ શીપમેન્ટ નિકાસ માટે લેવાયેલ લોન અંતર્ગત વ્યાજ સહાય ચુકવવામાં આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા આ સ્કિમની સમય મર્યાદા તા.૩૧–૮–૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. પરંતુ આ સમયગાળો ખુબ જ ઓછો હોવાથી નિકાસકારો માટે ઘણા બધી સમસ્યાઓ ઉદભવી રહી છે. ખાસ કરીને સપ્લાય ચેન, ચલણની વધ ઘટ, ડોકયુમેન્ટસની જટીલતા, સરકારની મર્યાદા, વૈશ્વીક સ્પાર્ધાત્મકતા વિગેરેનો સામનો કરવો પડી રહયો છે. નિકાસકારોને વેગ મળી રહી તે માટે Interest Equalization Scheme મહત્વની ભુમિકા ભજવે છે ત્યારે આ સ્કિમની સમય મર્યાદા ૫ વર્ષ સુધી લંબાવવી ખાસ જરૂરી છે.

વધુમાં રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના રેપો રેટને ધ્યાનમાં રાખી Interest Equalization Scheme અંતર્ગત મળવાપાત્ર વ્યાજ સહાયની વર્તમાન મર્યાદા જે ૩% છે તેને વધારી ૬% કરી આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી, નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિથારામનજી તથા પીએમ ઓફિસને રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા CGST અમદાવાદ ઝોનની ગ્રીવન્સ રીડ્રેસલ કમિટીની ઓનલાઈન મળેલ મિટીંગમાં જોડાઈ GST ને લગતા પ્રશ્નોની રજુઆત કરેલ...

CGST અમદાવાદ ઝોન ગ્રીવન્સ રીડ્રેલ કમિટીની માનનીય પ્રિન્સીપાલ ચીફ કમિશ્નરશ્રીમતી સિમા અરોરાની અધ્યક્ષતામાં તા.૨૮–૬–૨૦૨૪ ના રોજ ઓનલાઈન મિટીંગ યોજવામાં આવેલ. જેમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા ઓનલાઈન જોડાઈ GST અંતર્ગત પડતી મુશ્કેલી અંગે વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ તેમજ આ પ્રશ્નોનું કેન્દ્ર સરકારની GST કાઉન્સીલમાં રજુઆત કરવા ભારપૂર્વક અનુરોધ કરેલ છે.




(૧) સમગ્ર GST પ્રક્રિયામાં ઘણા બધા વેચનાર અને લેનાર સંકળાયેલ હોય છે. આ સમગ્ર પ્રક્રિયામાં વચ્ચેના કોઈ તબકકે કોઈ જાતની ગેર રીતી આચરવામા આવે તો છેલ્લો વ્યવહાર કરનાર વ્યકિતએ ભોગ બનવું પડે છે કે જેને નિયમોનુસાર મળવાપાત્ર ITC મેળવેલ હોવા છતા તેને રીવર્સ કરવાની ફરજ પાડવામાં આવે છે. પ્રક્રિયામાં દર્શાવેલ સદર ક્ષતીના નિવારણ અર્થે ટેક્ષ પેયર દ્વારા કેવા સલામતીભર્યા પગલા હોવા જરૂરી છે તે સબબ રજુઆત કરવામાં આવેલ તેમજ GST એકટમાં ટેક્ષ પેયરની સલામતી માટે યોગ્ય અને ચુસ્ત પ્રાવધાન કરવું જરૂરી છે.

(૨) સેનેટરી નેપકીન ઉત્પાદકો GST ની ચુકવણી અને રિફંડ માટે ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહયા છે. GST પહેલા આવા એકમો ડાયરેકટ ટેક્ષેશન હેઠળ આવતા હતા અને ત્યાર બાદ જુલાઈ ૨૦૧૮ માં તેઓને GST માંથી મુકિત આપવામાં આવેલી. પરંતુ GST અમલીકરણમાં આવા સેનેટરી નેપકીન એકમો ઉપર ૧૨% GST મલ્ટીપલ સ્ટેજમાં દાખલ કરવામાં આવેલ. સ્થાનીક ઉત્પાદકો ઈનપુટ ટેકસનું ચુકવણું કરે છે પરંતુ ટેક્ષ ક્રેડીટ મેળ વી શકશે નહી. કારણ કે ફાઈનલ આઉટપુટને GST માંથી મુકિત આપવામાં આવી છે. સેનેટરી નેપકીનની આયાત ઉપર કસ્ટમ ડયુટી લાગું પડતી ન હોવાને કારણે આવા ઈમ્પોર્ટ કરેલ સેનેટરી નેપકીનની સરખામણીમાં સ્થાનીક ઉત્પાદકોને ઉત્પાદન ખર્ચ વધારે આવતો હોવાને કારણે તેઓ બજારમાં ટકી શકતા નથી. આ સંજોગોમાં તેઓ ટેક્ષબેનીફીટ મેળવે તેવા પ્રાવધાન કરવા જરૂરી છે.

(૩) ખાદ્યતેલ ઉત્પન્ન કરતા એકમો માટે ઈન્વર્ટેડ ડયુટી સ્ટ્રકચર અને ઈનપુટ ક્રેડીટ માટે અનયુટીલાઈઝડ એકયુમીલેશન GST કાયદાના સ્થાપીત હેતુઓને અનુરૂપ ન હોવાને કારણે ITC ઉપર ૦.૭૬% જેટલું એકયુમીલેશન વધવા પામે છે. આ રીસ્ટ્રીકશનને કારણે મળવાપાત્ર રીફંડ એકયુમેલેટેડ ઈનપુટ ટેકસ ક્રેડિટના રૂપમાં ફંડ બ્લોકેજ જેવી સમસ્યા ઉદભવે છે. ખાદ્યતેલની ઉત્પાદન પ્રક્રિયા મુજબ રો–મટીરીયલ્સ (ક્રુડ વિગેરે) માંથી ખાદ્યતેલમાં રૂપાંતરીત કરવા માટે ૫.૭૬% જેટલું ઈનપુટ થવા પામે છે. કે જેની સામે GST નો દર ૫% વસુલવામાં આવે છે. તો આ રીતે ૦.૭૬% જેટલો ITC માં વધારો થવાથી ફંડ બ્લોકેજ નો પ્રશ્નો ઉદભવતો હોય આ અંગે યોગ્ય નિરાકરણ લાવવું.

(૪) CGST ને લગતા પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે PGRC કમિટી કાર્યરત છે અને તેની દર ત્રણ મહિને મિટીંગ મળે છે. તે મુજબ SGST વિભાગ દ્વારા PGRC કમિટીની રચના કરવામાં આવે અને તેમાં ચેમ્બર /

એસોસીએશનના પ્રતિનિધિઓનો સમાવેશ કરી દર ત્રણ મહિને મિટીંગ બોલાવવી. જેથી કરીને GST અંતર્ગત વેપાર–ઉદ્યોગકારોને પડતી મુશ્કેલઆીનું નિરાકરણ લાવી શકાય. ઉપરોકત પ્રશ્નોની રજુઆતના અનુસંધાને માનનીય પ્રિન્સીપાલ ચીફ કમિશ્નરશ્રીમતી સિમા અરોરાએ યોગ્ય કરવા ખાત્રી આપેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ASSOCHAM ના સંયુકત ઉપક્રમે MSMEs માટે નિકાસની તકોમાં વધારો કરવા અંગે માર્ગર્શન આપતો સેમીનાર યોજવામાં આવેલ...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા ASSOCHAM ના સંયુકત ઉપક્રમે Enhancing Export Opportunities for MSMEs in Saurashtra Region અંગે તા.૨૪–૬–૨૦૨૪ ના રોજ સેમિનાર યોજવામાં આવેલ. સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી MSME એકમો નિકાસમાં વૃધ્ધિ કઈ રીતે કરી શકે તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લઈ શકે અને નિકાસ દરમ્યાન પડતી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવી શકાય તે શુભ આશયથી આ સેમિનાર યોજવામાં આવેલ છે. સંસ્થા દ્વારા વિવિધ સેકટરને લગતા અલગ–અલગ અવરનેશ સેમીનરો યોજવામાં આવે છે તો તેનો ખાસ લેવા જણાવેલ.

રાજકોટ જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોનીએ નિકાસકારોને ડીજીએફટી તરફથી અલગ અલગ સ્કિમોમાંથી મળવાપાત્ર લાભ જેવા કે, ફોરેન ટ્રેડ પોલીસી, નિર્યાત બંધુ સ્કિમ, સ્ટેટસ હોલ્ડર સર્ટીફિકેટ, ઈન્ટરેસ્ટ ઈકવલાઈઝેશન સ્કિમ ઓન પ્રિ એન્ડ પોસ્ટ શિપમેન્ટ, માર્કટ એકસેસ ઈનીસેટીવ સ્કિમ, ઓથોરાઈઝડ ઈકોનોમિક ઓપરેટર તેમજ નિકાસમાં રહેતી તકો–પડકારો અને આગામી સમયમાં ધ્યાનમાં રાખવા જેવી વિવિધ બાબતો અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ.

MSME DFO રાજકોટના આસીસટન્ટ ડાયરેકટરશ્રીમતી સ્વાતી અગ્રવાલએ MSME ડિપાર્ટમેન્ટની વિવિધ સ્કિમો જેવી કે, પ્રધાનમંત્રી એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ, ક્રેડિટ ગેરન્ટી સ્કિમ ફોર MSE, કલ્સ્ટર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય એકઝીબીશનોમાં મળતા લાભ, ઉદ્યમ રજીસ્ટ્રેશન તથા ZED સર્ટીફિકેટ દરેક એકમોએ ખાસ લેવા

અંગે માહિતી આપેલ. ત્યાબાદ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના ઈન્ડસ્ટ્રીઝ ઓફિસરશ્રી જયદિપ ફળદુએ માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોના વર્ગીકરણનો ખ્યાલ આપી Aatmanirbhar Gujarat Schemes for Assistance to MSMEs અંગેની માહિતી આપેલ.

SIDBI રાજકોટના એજીએમશ્રી મનિષ શકયાએ SIDBI દ્વારા વિવિધ સ્કિમો અંતર્ગત એકમોને આપવામાં આવતી લોનની માહિતી આપેલ. તેમજ એક્ષપોર્ટ ઈમ્પોર્ટ બેન્ક ઓફ ઈન્ડિયા મુંબઈના ચીફ મેનેજર શ્રૃતિ શીંદેએ બેન્કની વિવિધ સવલતો અને ઉભરતે સિતારે પ્રોગ્રામ અંગે જાણકારી આપેલ.

સેમીનારના અંતે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ASSOCHAM ગુજરાત કાઉનસીલ MSME કમિટીના ચેરમેનશ્રી પાર્થભાઈ ગણાત્રાએ ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કરી વેપાર–ઉદ્યોગકારોને કોઈપણ પ્રશ્ન કે સુચન હોય તો મોકલી આપવા જણાવેલ. સમગ્ર સેમિનારનું સંચાલન ASSOCHAM ગુજરાત કાઉનસીલના આસીસ્ટન્ટ ડાયરેકટરશ્રી દિર્ઘકુમાર સોનીએ કરેલ.

**કેન્દ્રીય નાણામંત્રીશ્રીની અધ્યક્ષતામાં ન્યુદિલ્હી ખાતે યુનિયન બજેટ ૨૦૨૪ અંગે સુચનો–અભિપ્રાયો જાણવા માટે મહત્વની મિટીંગ યોજવામાં આવેલ...**

**આ મિટીંગમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા ઉપસ્થિત રહી રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારોના વિવિધ પ્રશ્નોની રજુઆત કરેલ...**



કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિથારામનજીની અધ્યક્ષતામાં ન્યુ દિલ્હી ખાતે તા.૨૧–૬–૨૦૨૪ ના રોજ યુનિયન બજેટ ૨૦૨૪ અંગે સુચનો–અભિપ્રાયો જાણવા માટે એક મહત્વની મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી પ્રથમવાર માત્ર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને આ મિટીંગમાં ઉપસ્થિત રહેવા અને

પ્રશ્નો–સુચનો રજુ કરવા માટે આમંત્રણ આપેલ હતું. આ મિટીંગમાં ૧૪ રાજયોમાંથી વિવિધ ચેમ્બરોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ હતા. જેમાં રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ અને ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા ખાસ ઉપસ્થિત રહીને રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓ અને તેના યોગ્ય નિરાકરણ લવવા તેમજ આગામી યુનિયન બજેટ ૨૦૨૪ માં રાજકોટ ચેમ્બરના નીચે મુજબના વિવિધ પ્રશ્નોનો સમાવેશ કરવા ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ.

(૧) ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ ના સેકશન 43B(h) ના અમલવારી અંતર્ગત પેમેન્ટની ચુકવણી માટે ૪૫ દિવસની સમય મર્યાદા નકિક કરવામાં આવેલ છે. આ સેકશનમાંથી નિકાસકારોને મુકિત આપવી. કારણ કે નાના નિકાસકારો ખાસ કરીને MSME હેઠળ આવતા ઉત્પાદન કરીને નિકાસ કરનાર એકમોને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. નિકાસકારોનો સમગ્ર વ્યવહાર પ્રક્રિયા તેના સલંગ્ન ડોકયુમેન્ટસ અને લેટર ઓફ ક્રેડીટ મુજબ ૧૨૦ દિવસ સુધીની હોય છે. તેથી નિકાસકારો માટે આ ૪૫ દિવસની સમય મર્યાદા અનુરૂપ ન હોવાના કારણે તેઓને સેકશન 43B(h) માંથી મુકિત આપવી.

(૨) ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ હેઠળ તમામ કંપનીઓ જેવી કે, પ્રાઈવેટ લીમીટેડ, લીમીટેડ, સ્મોલ / પ્રોપ્રાઈટરી / પાર્ટનરશીપ ફર્મ અને એલએલપી માટેનો ટેક્ષ બેનીફીટનો સ્લેબ સમાન રાખી આવા એકમોને Minimum Alternate Tax ("MAT") ની અમલવારીમાંથી બાકાત રાખવા.

(૩) પ્રમાણીક કરદાતાઓને યોગ્ય રિવોર્ડ અને ઈન્સેન્ટીવ આપવા જોઈએ. જેથી કરીને અન્ય કરદાતાઓ નિયમસર ટેક્ષ ભરવા માટે પ્રેરણા મેળવે તથા ટેક્ષ માળખું અને વહીવટી વ્યવસાયીક રોકાણ માટેના નિર્ણયો પર મહત્વપુર્ણ પ્રભાવ પડશે.

(૪) ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ માં જુની અને નવી બે સ્કિમો પ્રસ્થાપીત છે. તેથી માત્ર નવી સ્કિમને જ અમલીકૃત કરી, આ સ્કિમમાં હોમ લોન, તેના ઉપરનું વ્યાજ તથા લોન ચુકવણીના લાભોનો સમાવેશ કરવો. આ પ્રકારના લાભો મળવાથી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના "ઘરના ઘર" નું સપનું સાકાર થાય અને દરેકને પોતાનું ઘર પ્રાપ્ત થાય.

(૫) હાલના ઈન્કમટેક્ષ સ્લેબમાં નીચે મુજબ ફેરફાર કરવા.

| | | |
|---|---|---|
| રૂા. ૧૦ લાખ સુધી | – | NIL |
| રૂા. ૧૦ લાખ થી રૂા. ૧૫ લાખ સુધી | – | ૫% |
| રૂા. ૧૫ લાખ થી રૂા. ૨૦ લાખ સુધી | – | ૧૦% |
| રૂા. ૨૦ લાખ થી રૂા. ૨૫ લાખ સુધી | – | ૧૫% |
| રૂા. ૨૫ લાખ થી રૂા. ૩૦ લાખ સુધી | – | ૨૦% |

જો આ મુજબ સ્લેબ રેસીયો કરવામાં આવે તો ઈન્કમટેક્ષની આવકમાં ઘટાડાને બદલે વધારો થશે અને ઘણા નવા કરદાતાઓ વધશે.

(૬) કેન્દ્ર લેવલે તથા રાજય લેવલે કાયમી જીએસટી સંકલન સમિતિની રચના કરવી. જેમાં કેન્દ્ર લેવલે નાણામંત્રીશ્રી તથા રાજય લેવલે જે તે રાજયના નાણામંત્રીશ્રીની અધ્યક્ષતા રહેશે. આ સંકલન સમિતિમાં લીડીંગ ચેમ્બરો /

એસોસીએશનો નો સમાવેશ કરવો. આ જીએસટી કાઉન્સીલની મિટીંગ દર ૩ મહિને મળતી હોય, આ સંકલન સમિતિની મિટીંગ દર દોઢ મહિને બોલાવવી. જેથી દરેક રાજય લેવલના નાના મોટા પ્રશ્નોનું નિરાકરણ ત્યારે જ થઈ શકે. જેથી કરીને ૭૦% જેટલા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવી શકાય અને જીએસટી કાયદાને અમલીકરણ કરવામાં સરળીકરણ કરી શકાય.

(૭) તમામ પેટ્રોલીયમ પ્રોડકટસ અને નેચરલ ગેસને જીએસટી અંતર્ગત સમાવેશ કરવો.

(૮) જીએસટી અમલીકરણ થયા બાદ નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯, ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧ના સમયગાળા દરમ્યાન જીએસટી કાઉનસીલ દ્વારા ઘણા બધા ફેરફારો કરવામાં આવેલ હતા. આવા વારંવાર ફેરફારોને કારણે તે સમયગાળા દરમ્યાન કરદાતાઓ સપ્લાય દ્વારા ફાઈલ કરાયેલ રીટર્નનના સંદર્ભમાં ITC નો લાભ મેળવી શકયા નથી. જેથી સરકારશ્રીને અનુરોધ કરવામાં આવે છે કે ફકત આટલા સમયગાળાની જ પડતર સમસ્યાઓના યોગ્ય નિરાકરણ માટે OTS (One Time Settlement Scheme) અમલમાં મુકવી. આ સ્કિમ અમલમાં મુકવાથી કરદાતાઓના અનેક પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવશે. તેમજ સરકારશ્રીના કામના ભારણમાં ઘટાડો થશે અને વાસ્તવીક કરદાતાઓને યોગ્ય ન્યાય મળશે.

(૯) સોના અને ચાંદી પરનો હાલનો ૩% જીએસટી દર ઘટાડીને ૨% કરવો. અગાઉ આના પર વેટનો દર ૧% હતો. તો હલાનો ૨% દર કરવાથી આમ જનતા ૧૦૦% બીલીગ તરફ વળશે અને દાણચોરી જેવા દુષણો ઉપર કન્ટ્રોલ થશે.

(૧૦) ૫% જીએસટીના સ્લેબમાં સમાવિષ્ટ તમામ આઈટમો યથાવત રાખવી.

(૧૧) જીએસટી અંતર્ગત ૧૨% દર ધરાવતી આઈટમોમાંથી મેરીટના આધારે ઘણી આઈટમોને ૧૨% ના બદલે ૫% ના દરમાં સમાવિષ્ટ કરવી.

(૧૨) ૧૨% અને ૧૮% ના ટેક્ષદરમાં સમાવિષ્ટ તમામ આઈટમોને કલબ કરી બે ને બદલે એક જ જીએસટી દર નવો ૧૪% કરી. આ દર તમામ આઈટમોને લાગુ પાડવો.

(૧૩) ૨૮% ના જીએસટી દર હેઠળ સમાવિષ્ટ તમામ આઈટમો યથાવત રાખવી.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઉપરોકત વિવિધ પ્રશ્નો–સુચનોની કરાયેલ રજુઆત અંગે કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિથારામનજીએ હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ DGFT રાજકોટ તથા FIEO ના સયુંકત ઉપક્રમે "Understanding New eBRC Module on DGFT Website" અંગે અવરનેશ સેમીનાર યોજવામાં આવેલ...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ DGFT રાજકોટ તથા ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્ષપોર્ટ ઓર્ગેનાઈઝેશનના સયુંકત ઉપક્રમે "Understanding New eBRC Module on DGFT Website" અંગે તા.૨૦–૦૬–૨૦૨૪ ના રોજ અવરનેશ સેમીનાર યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં નિકાસકારો ઉપસ્થિત રહેલ.

સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી રાજકોટ ચેમ્બર અવાર–નવાર વિવિધ સેકટરને લગતા સેમિનારો યોજે છે. ત્યારે નિકાસકારોને New eBRC Module ની સંપુર્ણ જાણકારી મળી રહે તે તેમજ New eBRC માં જે ફેસેલીટી છે તેમાં તેને કઈ રીતે જનરેટ કરી શકાય અને તેમાં કઈ કઈ મુશ્કેલીઓ પડી રહી છે તેનું યોગ્ય નિરાકણ લાવવા માટે આ સેમિનાર યોજેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે. વધુમાં સરકાર દ્વારા નિકાસકારોને ઘણી સુવિધાઓ આપવામાં આવી રહી છે જેમાં ઈન્ડિયામાર્ટમાં રજીસ્ટ્રેશન તથા નાના વેપારીઓ માટે ઈ–કોમર્સ માર્કેટ પ્લેસ પણ ખુબ જ ઉપયોગી બની રહયું છે. રાજકોટ ચેમ્બર વેપાર–ઉદ્યોગકારોના દરેક પ્રશ્નોને વાચા આપવા હંમેશા તત્પર રહે છે. ત્યારે કોઈપણ પ્રશ્નો–સમસ્યા હોય તો જાણ કરવા અનુરોધ કરેલ.

જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોની દ્વારા નિકાસકારો માટે eBRC જનરેટ કરવા માટે બેન્કો દ્વારા રૂા.૫૦૦ થી ૧૦૦૦ જેટલો ચાર્જ વસુલ કરવામાં આવે છે. તેથી નિકાસકારો ઉપર આર્થિક ભારણ ન પડે તે માટે તેઓ પોતે જ eBRC જનરેટ કરી શકે તેવી સુવિધા ઉપલબ્ધ કરેલ છે. પરંતુ તેમાં EDPMS એન્ટ્રી કલોઝ કરાવવી પડશે તેની જાણકારી આપેલ.

મુંબઈ સ્થિત ખાસ વકતાશ્રી મિહીરભાઈ શાહએ ઈલેકટ્રોનિક બેન્ક રિયલાઈઝેનશ સર્ટીફિકેટ કે જેને eBRC તરીકે ઓળખવામાં આવે છે. જે બેન્કો દ્વારા ઈશ્યું કરવામાં આવતું ડિઝીટલ સર્ટીફિકેટ છે અને આ સર્ટીફિકેટ કન્ફર્મ કરે છે કે નિકાસકારે નિકાસ કરેલ માલના આયાતકાર પાસેથી પેમેન્ટની ચુકવણી પ્રાપ્ત કરી છે. વધુમાં વિવિધ મુદ્દાઓ જેવા કે,

New eBRC Module Overview, Purpose and need of eBRC, Live Processing and actual methodology for creating eBRC in new system, Understanding and compliances in new eBRC Module, E-BRC – Banks On Boarding Status , Pre-requisites for New eBRC system, Statement of Bank Realisation અંગે વિગતવાર પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ.

ત્યારબાદ ન્યુદિલ્હી ડીજીએફટી હેડ ઓફિસના ટેકનિકલ ઓફિસર દ્વારા ઓનલાઈન જોડાઈને નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે યોગ્ય પ્રત્યુતર પાઠવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વ્યકત રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટથી ઉપડતી વિવિધ સમર સ્પેશ્યીલ ટ્રેનોને કાયમી શરૂ કરવા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી, જનરલ મેનેજરશ્રી મુંબઈ તથા રાજકોટ DRM સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તેમજ કોઈપણ જાતની મુશ્કેલીઓ ન પડે તે માટે અવાર–નવાર રજુઆતો કરવામાં આવે છે. ત્યારે રાજકોટથી નીચે મુજબની વિવિધ સમર સ્પેશીયલ ટ્રેનો જે અઠવાડીક ચાલે છે. તેના કારણે મુસાફરોને ઘણી હાલાકીનો સામનો કરવો પડી રહયો છે.

(૧) દર સોમવારે ઉપડતી Train no. 05046 Rajkot-Lalkua Special.
(૨) દર બુધવારે ઉપડતી Train no. 09525 Hapa-Naharlagun Special.
(૩) દર સોમવારે ઉપડતી Train no. 09575 Rajkot-Mehbub Nagar Special.
(૪) દર શુક્રવારે ઉપડતી Train no. 09569 Rajkot-Barauni Special.
(૫) દર સોમવારે ઉપડતી Train no. 09520 Okha-Madurai Special.
(૬) દર મંગળવારે ઉપડતી Train no. 09523 Okha-Delhi Sarai Rohilla Special.

આ વિવિધ સમર સ્પેશ્યીલ ટ્રેનોને રાજકોટથી કાયમીના ધોરણે તાત્કાલીક શરૂ કરવા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી, મુંબઈ જનરલ મેનેજરશ્રી અશોકકુમાર મિશ્રા તથા રાજકોટ ડિવીઝનલ રેલ્વે મેનેજરશ્રી અશ્વની કુમાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ.

## We have made various empathetic representations and submissions as under.

Being an Apex Organization comprising a cross section of the business community, this Chamber has been representing varieties of problems, nuances and grievances of concerned spectrum as well public in large to the concerned Ministries, Beurocrats, Corporations, Boards, Hon. M.Ps. / M.L.As etc. for positive consideration and resolutions thereof. Some of the important and useful representations made by this Chamber are shown here-under.

(1) Exporters face immense difficulties when their containers are called back from terminals to Exim yard / MCT CFS for Examination by the Custom Department. As per the existing practice, all the containers included in particular shipping bill are called back even if one container is selected for Examination. This causes severe delay in dispatch causing abundant un-due loss of time, money, booking amendment charges, shut-out charges freight increase to next vessel, storage charges, MCT CFS charges, documentation fee, their party fine etc. We have strongly represented to reimburse all the levied charges to that particular exporter, if his container is found OK and in-order else way.

(2) Modernization of Rajkot Railway Station is one of the key projects of Railway Ministry. We had organized an event on 26th April,2024 at Pramukhswami Auditorium, Rajkot & invited the Hon. Railway Minister Shri Ashwini Waishnawji to participate the same. He had graced our event and presented some Roadmaps on modernization of Rajkot Railway.

(3) We are empowered to issue non-preferential Certificate of Origin. This creates hurdles and difficulties for preferential Certificate of Origin aspirants. We have proposed to the GOI to empower us to issue preferential Certificate of Origin also.

(4) We have represented for regularization of summer special trains running on weekly basis and passing through Rajkot Junction on daily and permanent basis.

(5) We were invited by the Hon. Minister Of Finance to participate the pre-budgetary meeting held on 21st June, 2024 at New Delhi. We attended the said meeting and submitted various important and attendable points for the purpose.

(6) We remain in continuous touch and contact with The Principal Chief Commissioner, CGST & C. Ex., Ahmedabad for Redressal and resolutions of acute and immense difficulties faced by the business community. We receive positive reflections of submission thereof.

(7) We have strongly represented to provide Regional ESIC office at Rajkot.

(8) Interest equalization scheme is one of the most important and useful schemes impacting monetary interest of various business segments. This scheme has ending on 31st August, 2024. In consideration of the gravity of scheme, we have emphasisingly proposed to the Hon. Finance Minister to extend the said scheme for a further period of five years. We have also represented to increase the rate from 3% to 6%.

(9) Commencement of international flights from Hirasar ( Rajkot) Air port is one of our most attendable agendas.

# નિકાસ કર્યા બાદ વેચાણ કિંમતમાં વધારો થતાં રિફંડ મેળવવા કરવાની કાર્યવાહી

GST કાયદામાં વેરો ચુકવીને કરવામાં આવતા નિકાસ માટે રિફંડ મેળવવાની પ્રક્રિયા ઘણી સરળ છે. નિયમ ૯૬(૧) ની જોગવાઈ મુજબ નિકાસ માટે જે શિપિંગ બિલ ફાઈલ કરવામાં આવે તેને જ નિકાસ માટે GST ના રિફંડની અરજી ગણવામાં આવશે. જે સમયગાળા દરમિયાન નિકાસ કરવામાં આવેલ હોય તે જ સમયગાળા માટેનું FORM GSTR 3B નું પત્રક ભરવામાં આવે અને શિપિંગ બિલ અને પત્રક મુજબના નિકાસના વ્યવહારમાં કોઈ જ તફાવત ન હોય તો તેવી નિકાસને લગતું GST રિફંડ સિસ્ટમ મારફતે બારોબાર નિકાસકારના બેંક એકાઉન્ટમાં જમાં કરવામાં આવે છે. આ રીતે એક વખત નિકાસની વ્યવહાર કરી દેવામાં આવે પછી સંભવ છે કે કોઈ પણ કારણોસર નિકાસની વેચાણ કિંમતમાં વધારો કરવામાં આવે અને એવી વધારાની નિકાસની વેચાણ કિંમત પર GST પણ ચુકવવામાં આવે પરંતુ આવા વધારના ભરેલ વેરાના રિફંડ માટેની કોઈ જ પદ્ધતિ હજુ સુધી અમલમાં હતી નહીં. આ પ્રશ્નના નિરાકરણ માટે તા.૧૦–૦૭–૨૦૨૪ ના નોટીફિકેશન નંબર ૧૨/૨૦૨૪–CT દ્વારા નિયમોમાં સુધારો કરીને તેવા રિફંડને નિયમ–૮૯ની જોગવાઈને આધીન આપવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે. આવા રિફંડ મેળવવાની પ્રક્રિયા સ્પષ્ટ કરવા માટે GST કાયદાની કલમ ૧૬૮ હેઠળ તા.૧૧–૦૭–૨૦૨૪ ના રોજ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડારેકટ ટેકસીસની GST પોલિસી વિંગ દ્વારા પરિપત્ર નંબર ૨૨૬/૨૦/૨૦૨૪–GST બહાર પાડવામાં આવેલ છે. નિકાસની પછીની વધેલ કિંમતના વેરાનું રિફંડ મેળવવા માટે કરવાની કાર્યવાહીની માહિતી આપતા આ પરિપત્રની જાણકારી આજના લેખમાં આપી છે.

## FORM GST RFD 01 માં અરજી કરવાની

નિકાસની પછીથી વધેલ કિંમતના ભવરામાં આવેલ IGST ના રફિંડ માટે FORM GST RFD 01 માં ઈલકટ્રોનિક પોર્ટલ પર અરજી કરવાની રહેશે. આ માટેની અલગ શ્રેણી તૈયાર કરવામાં આવી રહી છે. પરંતુ તે તૈયાર થાય ત્યાં સુધી "Any Other" શ્રેણીમાં અરજી કરી શકાશે કે જેમાં નોંધ કરવાની રહેશે કે નિકાસની કિંમતમાં વધારો થયાના કારણે ભરેલ વધારાના IGST નું રિફંડ. સાથે સાથે નિયમ ૮૯(૨) ના કલોઝ (bb) અનુસારના દસ્તાવેજી પુરાવા આપવાના રહેશે. નિકાસકારે નિયમ ૮૯(૨) ના કલોઝ (bb) અને કલોઝ (bc) માં નિર્દિષ્ટ કર્યા મુજબનું 9A અને 9B ના સ્ટેટમેન્ટસ પણ અપલોડ કરવાના રહેશે. આ સિવાય પણ પોતાની રિફંડની અરજીના સમર્થનમાં નિકાસકાર જરૂર જણાય તેવા અન્ય દસ્તાવેજી પુરાવા પણ અપલોડ કરી શકશે.

## પોર્ટલ દ્વારા અધિકારીને માહિતી પુરી પાડવામાં આવશે

નિકાસકાર દ્વારા નિકાસની વધેલ કિંમત પરના વેરાના રિફંડ માટે કરવામાં આવેલ અરજી અને તેની સાથેના દસ્તાવેજી પુરાવાની ચકાસણી અધિકારી દ્વારા કરવામાં આવશે. વળી પોર્ટલ દ્વારા શિપિંગ બિલ અને તેમાં સામેલ IGST ની રકમ, કસ્ટમ્સ દ્વારા નિયમ ૯૬(૩) અન્વયે ચુકવાયેલ રિફંડની માહિતી અધિકારીને આપવામાં આવશે કે જેથી કરીને નિકાસની વધેલ કિંમત પર ચુકવાયેલ વેરાના રિફંડની અરજીની અધિકારી દ્વારા યોગ્ય ચકાસણી થઈ શકે.

## રૂ.૧,૦૦૦ થી ઓછી કિંમતનું રિફંડ ચુકવાશે નહી

કલમ ૫૪(૧૪) માં જોગવાઈ કરવામાં આવેલ છે કે જો રિફંડની રકમ રૂ.૧,૦૦૦ થી ઓછી હશે તો તેવી રકમનું રિફંડ ચુકવવામાં આવશે નહી. આમ જો મુળ શિપિંગ બિલ પ્રમાણેના નિકાસના ચુકવાયેલ વેરાનું રિફંડ રૂ.૧,૦૦૦ કરતાં વધુ હોય પરંતુ પછીથી વધારવામાં આવેલ નિકાસની કિંમત પરના વેરાની રકમના રિફંડની રકમ રૂ.૧,૦૦૦ થી ઓછી હશે તો તેવી વધારાની રકમનું રિફંડ આપવામાં આવશે નહી.

## રિફંડની અરજી કરવાની સમય મર્યાદા

નિયમ ૮૯માં તારીખ ૧૦–૦૭–૨૦૨૪ ના નોટીફિકેશન નંબર ૧૨/૨૦૨૪–CT થી દાખલ કરવામાં આવેલ પેટા નિયમ (IB) અનુસાર નિકાસની વધારવામાં આવેલ વેચાણ કિંમત પરના ચુકવાયેલ IGST ના રિફંડની અરજી કલમ ૫૪ હેઠળના સ્પષ્ટીકરણ (૨) ના કલોઝ (a) મુજબની સંબંધિત તારીખથી બે વર્ષ પુરા થાય ત. પહેલા કરવી આવશ્યક છે. પરંતુ જે કેસોમાં આ સ્પષ્ટીકરણ મુજબની તારીખ નવા દાખલ થયેલ નિયમ ૮૯(IB) પહેલાંની હોય તેવા કેસોમાં રિફંડની અરજી આ નિયમ જે તારીખથી અમલમાં આવ્યો ત્યારથી બે વર્ષમાં કરી શકશે.

## અરજી સાથે સામેલ કરવાના દસ્તાવેજો

નિકાસકારને નિકાસની વધારાની વેચાણ કિંમતું રિફંડ મળવાપાત્ર છે તે પુરવાર કરવા રિફંડના દાવા સાથે નીચેના દસ્તાવેજો લેવા જરૂરી છે.

(૧) શિપિંગ બિલ અથવા બિલ ઓફ એકસપોર્ટની નકલ

(૨) અસલ બિલની નકલ

(૩) લાગુ પડતા બીજા દસ્તાવેજો કે જેનાથી બતાવી શકાય કે નિકાસની વેચાણ કિંમતમાં માલની નિકાસ કર્યા બાદ સુધારો કરવામાં આવેલ હતો.

(૪) લાગુ પડતી ડેબિટ નોટ કે પુરક બિલની નકલ

(૫) ચુકવાયેલ વધારાના IGST તથા લાગુ પડતા વ્યાજ સાથેના પુરાવાની નકલ તેમજ ભરવામાં આવેલ FORM GSTR 1 / FORM GSTR 3B કે જેમાં નિકાસની વધારવામાં આવેલ કિંમતની ડેબિટ નોટ કે પ્રેરક બિલ દર્શાવીને અરજદાર દ્વારા ચુકવાયેલ લાગુ પડતો વેરો અને વ્યાજ.

(૬) વધારાની નિકાસની કિંમતનું વિદેશી હુંડિયામણ (FIRC) મળ્યાની અધિકૃત બેંક–૧ બેંકનો પુરાવો

(૭) પ્રકિટસિંગ ચાર્ટડ એકાઉન્ટન્ટ કે કોસ્ટ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર કે વધારાનું વિદેશી હુંડિયામણ અગાઉ કરેલ નિકાસની વધારાની કિંમત પેટે મળેલ છે.

(૮) FORM GST RFD 01 નું 9A નું સ્ટેટમેન્ટ

(૯) FORM GST RFD 01 નું 9B નું સ્ટેટમેન્ટ

## અધિકારીએ કરવાની કાર્યવાહી

અધિકારી દ્વારા એ બાબતની ચકાસણી કરવામાં આવશે કે નિકાસના વધારાની કિંમતના જે રિફંડની FORM GSTR 3B માં માંગણી કરવામાં આવી છે તેને લગતા નિકાસના બિલ અને ડેબિટ નોટનો તેના સપ્લાય માટેના FORM GSTR 1 માં સમાવેશ કરેલ છે અને વધારાયેલ નિકાસની વેચાણ કિંમત પરની IGST લાગુ પડતા વ્યાજ સાથે ચુકવાયેલ છે. અધિકારી દ્વારા નિકાસકારના રિફંડના દાવાની ખરાઈ કરતી વખતે FORM GSTR 1 અને FORM GSTR 3B માં જાહેર કરવામાં આવેલ નિકાસની વધારાની કિંમત અને તેને લગતા મળેલ વિદેશી હુંડિયામણની પણ ચકાસણી કરવામાં આવશે. અધિકારી દ્વારા એ બાબતી પણ ચકાસણી કરવામાં આવશે કે રિફંડની કરવામાં આવેલ અરજી બધી જ રીતે સંપુર્ણપણે કરવામાં આવેલ છે અને તેમને સંતોષ થાય કે નિકાસકારને રિફંડ મળવાપાત્ર છે. ત્યાર બાદ રિફંડ આપતો આદેશ FORM GST RFD 06 માં અને રિફંડ ચુકવણીનો આદેશ FORM GST RFD 05 માં કરવામાં આવશે. રિફંડ મંજુર રાખતા FORM GST RFD 06 ના આદેશની સાથે કારણોસભરઆદેશ અપલોડ કરવામાં આવશે.

## નિકાસની કિંમત ઘટે તો શું?

કેટલાક કેસોમાં એવું સંભવિત છે કે જયારે ટેક્સ ચુકવીને નિકાસ કરેલ હોય અને અસલ નિકાસ વખતે જે કિંમત નક્કી થયેલ હોય તેમાં ઘટાડો થાય. આવા કેસોમાં જેટલા અંશે નિકાસની કિંમતમાં ઘટાડો થયેલ હોય તેના પરનો વેરો અને લાગું પડતું વ્યાજ નિકાસકારે જમા કરાવવાનું રહેશે. નિકાસની વધેલ કિંમતનું રિફંડ ચુકવતી વખતે અધિકારી દ્વારા એ બાબતની પણ તપાસ કરવામાં આવશે કે તે સમયગાળા દરમિયાન જો કોઈ નિકાસની કિમંત પાછળથી ઘટી હોય તો તેને લગતા ચુકવાયેલ રિફંડની રકમ તેના પરનું વ્યાજ જમા થયેલ છે કે કેમ?

# બજેટમાં જીએસટી કાયદાનાં સૂચિત વધારા

ભારતના નાણામંત્રી નિર્મલા સિતારામને તા.૨૩–૭–૨૦૨૪ ના રોજ લોકસભામાં કેન્દ્ર સરકારનું વર્ષ ૨૦૨૪–૨૫નું અંદાવપત્ર રજુ કરેલ છે. સાથે સાથે ફાઈનાન્સ (નં ૨)બિલ, ૨૦૨૪ પણ રજુ કરવામાં આવેલ છે. આ બિલમાં સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ એકટ ૨૦૧૭માં કેટલાક સુધારાઓ કલમ ૧૧૦ થી કલમ ૧૪૬માં સુચિત કરવામાં આવેલ છે. આ પૈકીના મુખ્ય સુધારાઓની સાદી સમજ આજના આર્ટિકલમાં નીચે આપી છે.

(૧) GST કાયદાના પર્યાયમાંથી un-denatured extra neutral alcohol અથવા રેકિટફાઈડ સ્પિરિટ કે જે માનવ વપરાશ માટેના દારૂને બનાવવામાં ઉપયોગમાં લેવાય છે તેને દુર કરવામાં આવેલ છે અને તેથી તેને GST નો કાયદો લાગુ પડશે નહી.

(૨) ઘણી વખત કોઈ માલ કે સેવા કે બન્નેના વ્યવહાર પર વેરો લાગતો નથી અથવા ઓછો વેરો લાગે છે તેવી પ્રણાલી સામાન્ય રીતે પ્રવર્તમાન હોય છે અને તેના કારણે તેવા માલ કે સેવા કે બન્નેના સપ્લાય પર વેરો ભરવામાં ન આવેલ હોય અથવા ઓછો વેરો ભરવામાં આવેલ હોય છે. આવા સંજોગોમાં તેવા વ્યવહારોનો પ્રર્વતમાન પ્રણાલીને કારણે ન ભરાયેલ કે ઓછો ભરાયેલ વેરો ભરવો ન પડે તેવું જાહેરનામું કાઉન્સીલની ભલામણના આધારે બહાર પાડીને રાહત આપવાની સરકારને સતા આપવાનું સુચવાયું છે.

(૩) GST માં માલ કે સેવાની પ્રાપ્તિ પર ચુકવાયેલ વેરાની અમુક શરતોને આધીન ઈનપુટ ટેક્સ ક્રેડિટ મળવાપાત્ર છે. આ માટે કલમ ૧૬(૪) માં ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા માટેની સમય મર્યાદા નિયુકત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦–૨૧ માટે આ સમય મર્યાદા લંબાવીને ૩૦–૧૧–૨૦૨૧ કરવાનું સુચવાયું છે અને આથી આ શરૂના વર્ષો માટેની ઈનપુટ ટેક્સ ક્રેડિટ તા.૩૦–૧૧–૨૦૨૧ સુધીમાં મંગાયેલ હશે તો તે મળવાપાત્ર રહેશે. અલબત જો અગાઉ તેવી ક્રેડિટ સમય મર્યાદાના કારણે લીધેલ નહીં હોય અને તેટલે અંશે વેરો ચુકવવામાં આવેલ હશે તો તેનું રિફંડ મળવાપાત્ર રહેશે નહીં.

(૪) કોઈ વ્યકિતનો નોંધણી નંબર રદ કરવામાં આવેલ હોય તેને પછીથી પુનઃસ્થાપિત કરવામાં આવતો હોય છે. જે તારીખે નોંધણી નંબર રદ કરવામાં આવે તે તારીખે ઈનપુટ ટેક્સ ક્રેડિટ માંગવાની કલમ ૧૬(૪)ની સમય મર્યાદા પુરી ન થયેલ હોય તેવી ઈનપુટ ટેક્સ ક્રેડિટ અથવા નોંધણી નંબર રદ કર્યાની તારીખથી નોંધણી નંબર રદ કર્યાની તારીખથી નોંધણી નંબર પુનઃસ્થાપિત કર્યાની તારીખના સમયગાળાની ઈનપુટ ટેક્સ ક્રેડિટ નીચે માંથી જે પછીની તારીખ હોય તે તારીખ સુધીમાં FORM GSTR 3B નું પત્રક ભરીને માંગી શકાશે.

(અ) જે નાણાકીય વર્ષને લગતી ઈનપુટ ટેક્સ ક્રેડિટ હોય તેના પછીના નાણાકીય વર્ષના નવેમ્બર માસની ૩૦મી તારીખ અથવા તે નાણાકીય વર્ષનું વાર્ષિક પત્રક ભર્યાની તારીખ એ બેમાંથી જે વહેલું હોય તે તારીખ અથવા (બ) જે તારીખે નોંધણી નંબર પુનઃસ્થાપિત કરવામાં આવે તે તારીખથી ૩૦ દિવસમાં.

(૫) કાયદાની કલમ ૩૦માં રદ થયેલ નોંધણી નંબર પુનઃસ્થાપિત કરવાની અધિકારીને સતા આપવામાં આવેલ છે. આવી સતાનો નિયમોથી ઠરાવવામાં આવે તેવી શરતો અને પ્રતિબંધોને આધીન ઉપયોગ કરી શકાશે.

(૬) કલમ ૫૧ માં કેટલીક વ્યક્તિઓ અને સરકારી વિભાગોએ સપ્લાયરોને ચુકવણું કરતી વખતે વેરાની કપાત કરવાની જોગવાઈ છે. આવી વેરાની કપાત કરવા જવાબદાર વ્યક્તિ કે વિભાગોએ વેરાની કપાત કરેલ હોય કે ન હોય છતાં પ્રત્યેક માસ માટે નિયમથી ઠરાવ્યા પ્રમાણનું પત્રક ભરવાનું રહેશે.

(૭) કલમ ૫૪ ની હાલની જોગવાઈમાં જયારે લેટર ઓફ અન્ડરટેકિંગ (LUT) સામે નિકાસ કરવામાં આવે ત્યારે વણવપરાયેલ ઈનપુટ ટેક્સ ક્રેડિટનું રિફંડ ત્યારે જ મળવાપાત્ર છે જયારે તેવા નિકાસ થતા માલ પર એક્સપોર્ટ ડયુટી ન લાગતી હોય. સુચિત સુધારામાં LUT સામે નિકાસ કરેલ હોય કે વેરો ચુકવીને પરંતુ જો તેવા માલની નિકાસ પર એક્સપોર્ટ ડયુટી લાગતી હોય તો રિફંડ મળપાત્ર રહેશે નહીં તવું સુચવાયું છે.

(૮) કલમ ૭૦માં અધિકારીને કોઈપણ તપાસ વખતે કોઈપણ વ્યક્તિને પુરાવા કે દસ્તાવેજો કે અન્ય ચીજો રજુ કરવા સમન્સ બજાવવાની સતા છે. જે વ્યક્તિને આવો સમન્સ બજાવવામાં આવે તે અથવા તો અધિકારીની સુચના મુજબ તેના અધિકૃત પ્રતિનિધિ આવા સમન્સના અનુસંધાને હાજર રહેવા ફરજીયાતપણે બંધાયેલા છે અને તેઓ તપાસ દરમિયાન સત્ય કહેશે અથવા સ્ટેટમેન્ટ આપશે કે જરૂર હશે તે મુજબના દસ્તાવેજો રજુ કરશે તે પ્રમાણેનો સુધારો સુચવાયો છે.

(૯) કલમ ૭૩ અને કલમ ૭૪માં આકારણીની જોગવાઈઓ છે તે કલમો વર્ષ ૨૦૨૩–૨૪ સુધીના વર્ષોની આકારણી માટે નવી કલમ ૭૪એ દાખલ કરવાનું સુચવાયું છે. આ સુચિત સુધારાથી છેતરપિંડી કે ખોટી રજુઆત કે હકીકતોને છુપાવીને કે પ્રમાણિક ભુલના કારણે ઓછો વેરો ભરાયેલ હોય કે ખોટું રિફંડ ચુકવાયેલ હોય તે તમામ માટે સમાન સમય મર્યાદામાં આકારણી થઈ શકશે. આકારણીની નોટિસ પત્રક ભરવાની છેલ્લી તારીખથી ૪૨ માસમાં બનાવી શકાશે અને નોટિસ બજયાની તારીખથી ૧૨ માસમાં આદેશ પસાર કરી શકાશે જે સમય મર્યાદા વધુ ૬ માસ સુધી લંબાવવાની સતા જોઈન્ટ કમિશ્નરની નીચેની પાયરીના અધિકારી ન હોય તેઓને આપવામાં આવી છે. બન્ને સંજોગોમાં ભરવાના દંડની રકમમાં સુધારા સુચવાયા છે.

(૧૦) કોઈપણ આદેશ સામેની પ્રથમ અપીલ કરવા માટે તકરારી વેરાની રકમના ૧૦% અથવા મહતમ ૨૫ કરોડની પ્રી ડિપોઝીટ કરવાની કલમ ૧૦૭માં જોગવાઈ છે તેમાં મહતમ રકમ રૂ.૪.૨૫ કરોડથી ઘટાડીને ૨૦ કરોડ કરવાનું સુચવાયું છે.

(૧૧) હજુ સુધી ટ્રિબ્યુનલ કાર્યવન્ત થયેલ નથી અને તેથી બીજી અપીલ દાખલ કરવા માટેની કલમ ૧૧૨ ની ૩ માસની સમય મર્યાદામાં વિકલ્પ સરકાર દ્વારા કાઉન્સીલની ભલામણના આધારે જાહેરનામાથી અપીલ દાખલ કરવાની નક્કી કરેલ તારીખ એ બેમાંથી જે પછીની હોય ત્યાં સુધીમાં બીજી અપીલ દાખલ કરવાની સમય મર્યાદા જોગવાઈનો સુધારો સુચવાયો છે.

(૧૨) બીજી અપીલ માટેની પ્રિ ડિપોઝીટની રકમ તકરારી વેરાના ૨૦% ના બદલે ૧૦% અને મહતમ ૫૦ કરોડના બદલે ૨૦ કરોડ કરવાની દરખાસ્ત છે.

(૧૩) જયારે કોઈ વ્યકિતએ કપટ કે ખોટી રજુઆત કર્યા વગર અથવા હકીકતો છુપાવ્યા વગર વેરો ન ભર્યો હોય કે ઓછો ભર્યો હોય અથવા તેને રિફંડ ખોટું ચુકવાયું હોય અથવા તેણે ઈનપુટ ટેક્સ ક્રેડિટ ખોટી માંગી હોય કે વાપરી હોય તો તેવી વ્યકિતની કલમ ૭૩ હેઠળ આકારણી થાય છે. ૧–૭–૨૦૧૭ થી ૩૧–૩–૨૦૨૦ ના સમયગાળા માટે કલમ ૭૩ હેઠળની કાર્યવાહીના સંજોગોમાં વ્યાજ અને દંડ માફ કરવાની રાહત આપતી જોગવાઈ સુચવાઈ છે જેમાં:

(૧) નીચેના સંજોગોમાં કલમ ૭૩ હેઠળની નોટિસ કે આદેશ મુજબની વેરાની પુરેપુરી રકમ સરકાર દ્વારા કાઉન્સીલની ભલામણના આધારે નોટિફાય કરવામાં આવે તે તારીખ સુધીમાં ભરી દેવામાં આવે તો વ્યાજ અને દંડ નિયમોથી ઠરાવેલ શરતોને આધીન સંપુર્ણપણે માફ કરવામાં આવશેઃ

(અ) કલમ ૭૩ હેઠળ નોટિસ બજાવવામાં આવી હોય પરંતુ આદેશ પસાર કરવામાં આવેલ ન હોય
(બ) કલમ ૭૩ હેઠળ આકારણી આદેશ પસાર કરવામાં આવેલ હોય અને તેની સામે અપીલ કે ફેરતપાસનો આદેશ પસાર ન થયેલ હોય
(ક) કલમ ૭૩ ના આદેશ સામે પ્રથમ અપીલ આદેશ પસાર થયેલ હોય પરંતુ બીજી અપીલનો આદેશ પસાર ન થયેલ હોય
(ડ) કલમ ૭૪ હેઠળ નોટિસ કે આદેશ પસાર થયેલ હોય પરંતુ અપીલમાં કે કોર્ટના આદેશના કારણે તે કાર્યવાહી કલમ ૭૪ હેઠળ ન થઈ શકે તેમ હોય અને તેથી કલમ ૭૫(૨) અનુસાર કલમ ૭૩ હેઠળ કાર્યવાહી કરવાની હોય

(૨) જો કલમ ૭૩ના આદેશ સામે ખાતા દ્વારા અપીલ કે ફેરતપાસની કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તેવા આદેશના ત્રણ માસમાં તે આદેશ મુજબ ભરવાપાત્ર વેરાની રકમ પુરેપુરી ભરવાની રહેશે.
(૩) જો વ્યાજ અને દંડની રકમ ભરી દેવામાં આવેલ હશે તો તેનું રિફંડ મળવાપાત્ર રહેશે નહીં.
(૪) જો ખોટું રિફંડ ચુવાયેલ હશે અને તેના માટે કલમ ૭૩ હેઠળ કાર્યવાહી થયેલ હશે તો તેને વ્યાજ અને દંડમાં રાહતની આ જોગવાઈઓ લાગુ પડશે નહીં.
(૫) જો કલમ ૭૩ ના આકારણી આદેશ સામે અપીલ કરવામાં આવેલ હોય કે કોર્ટમાં રિટ પિટિશન દાખલ કરવામાં આવેલ હોય તો આ જોગવાઈનો લાભ લેવા માટે વેરાની રકમ ભરવાની સરકાર દ્વારા જે તારીખ જાહે કરવામાં આવે ત્યાં સુધીમા તે અપીલ કે રિટ પરત ખેંચી લેવાની રહેશે.
(૬) એક વખત વેરાની પુરેપુરી રકમ ભરી દેવામાં આવ અને કાર્યવાહી સમાપ્ત થયાનું માની લેવામાં આવે ત્યાર બાદ કોઈ અપીલ કરી શકશે નહીં.

(૧૪) એન્ટિ પ્રોફિટિયરીંગને લગતા આદેશો સામેની અપીલ એપીલેટ ટ્રિબ્યુનલની દિલ્હી ખાતેની પ્રિન્સિપલ બેંચ સમક્ષ કરી શકાશે.

(૧૫) કાઉન્સીલની ભલામણ આધારે એન્ટિ પ્રોફિટિયરીંગ માટેની અરજી કરવા માટેની છેલ્લી તારીખ સરકાર જાહેરનામાથી નિયત કરશે અને તે તારીખ પછી આવી કોઈ અરજી સ્વીકારવામાં આવશે નહીં.

## પગારદારો/પેન્શનોરને રૂ.૭૫,૦૦૦નું સ્ટાન્ડર્ડ ડિડકશન તથા કલમ ૮૦–સીસીડી હેઠળ બિન સરકારી કર્મચારીઓના NPS ખાતામાં માલિક દ્વારા ૧૪% સુધીના ફાળાને કરમુકિત

# આવકવેરાની નવી યોજનાને વધુ આકર્ષક બનાવવા અંદાજપત્રની જોગવાઈઓ

આકારણી વર્ષ ૨૦૨૧–૨૨ થી આવકવેરાની નવી યોજનાના સંદર્ભમાં કલમ ૧૧૫બીએસી હેઠળ દાખલ કરાયેલી જોગવાઈઓને સંબંધિત કરદાતાઓ તરફથી જોઈએ તેવો ઉષ્માભર્યો પ્રતિસાદ મળ્યો નહીં. આને અનુલક્ષીને ૨૦૨૩ના નાણાકીય ધારા અન્વયે કલમ ૧૧૫બીએસી તેમજ કલમ ૮૭એ હેઠળ શ્રેણીબદ્ધ સુધારા દાખલ કરીને આવકવેરાની નવી યોજનાને વધુ આકર્ષક તેમજ સ્વીકાર્ય બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આકારણી વર્ષ ૨૦૨૪–૨૫થી અમલી આ મહત્વની જોગવાઈઓ નીચે મુજબ હતી.

- વ્યકિતગત આવકવેરાની પ્રાથમીક મુકિત મર્યાદાને રૂ.૩,૦૦,૦૦૦ કરવામાં આવી.
- પગારદાર કરદાતાઓ તેમજ પેન્શનરોને રૂ.૫૦,૦૦૦ના સ્ટાન્ડર્ડ ડિડકશનની કપાતનો લાભ તેમજ ફેમિલી પેન્શનની આવક મેળવતા કરદાતાઓ માટે રૂ.૧૫,૦૦૦ ની મર્યાદામાં ૩૦%ના સ્ટાન્ડર્ડ ડિડકશનની કપાતનો લાભ.
- કલમ ૮૭એ હેઠળ આવકવેરા રિબેટનો લાભ રૂ.૧૨,૫૦૦ને સ્થાને રૂ.૨૫,૦૦૦ કરાયો. કલમ ૮૭એ હેઠળ આવકવેરા રિબેટના લાભના સંદર્ભમાં Marginal Relief ની આવકારપાત્ર જોગવાઈ.
- કલમ ૧૧૫બીએસી હેઠળ આવકવેરાની નવી યોજનાને Default Scheme તરીકે જાહેર કરાઈ.
- આકારણી વર્ષ ૨૦૨૪–૨૫થી કલમ ૧૧૫બીએસી હેઠળ વ્યકિત તેમજ એચ.યુ.એફ. ઉપરાંત AOP, BOI તેમજ Artificial Juridical પણ નવી યોજના હેઠળના આવકવેરાના રાહતકારક દરનો લાભ લઈ શકશે.

### આકારણી વર્ષ ૨૦૨૫–૨૬થી ઉમેરાયેલા વધુ આકર્ષણ

૨૦૨૪ના અંદાજપત્રમાં કરાયેલી જોગવાઈઓ અન્વયે નીચે મુજબની વધુ રાહતોનો સમાવેશ કરાયો છે.

- પગારદાર તેમજ પેન્શનરોના સ્ટાન્ડર્ડ ડિડકશનમાં વધારો કરીને રૂ.૫૦,૦૦૦ની પ્રવર્તમાન કપાતને રૂ.૭૫,૦૦૦ કરાઈ છે.
- ફેમિલી પેન્શનમાંથી સ્ટાન્ડર્ડ ડિડકશનની રૂ.૧૫,૦૦૦ની કપાતને વધારીને રૂ.૨૫,૦૦૦ કરાઈ છે.
- કલમ ૮૦સીસીડી(૨) હેઠળ NPS ની યોજનામાં માલિકના ફાળા સંબંધી કરમુકિતનો લાભ સરકારી કર્મચારીઓ માટે બેઝિક પગારના ૧૪% તેમજ બિનસરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે ૧૦%ના ફાળાના સંદર્ભમાં અપાય છે. હવે બિન સરકારી કર્મચારીઓ માટે પણ ૧૪%ની કરમુકિતનો લાભ ઉપલબ્ધ બનશે.

### આકારણી વર્ષ ૨૦૨૫–૨૬થી આવકવેરાની નવી યોજના અન્વયે કલમ ૧૧૫બીએસી હેઠળ સુધારેલી જોગવાઈઓ

#### આકારણી વર્ષ ૨૦૨૫–૨૬થી અમલી કલમ ૧૧૫બીએસી હેઠળ આવકવેરાનું નવું દર માળખું

| કરપાત્ર આવક રૂ. | આવકવેરાનો દર |
|---|---|
| ૩,૦૦,૦૦૦ થી ૭,૦૦,૦૦૦ | ૫% |
| ૭,૦૦,૦૦૦ થી ૧૦,૦૦,૦૦૦ | ૧૦% |
| ૧૦,૦૦,૦૦૦ થી ૧૨,૦૦,૦૦૦ | ૧૫% |
| ૧૨,૦૦,૦૦૦ થી ૧૫,૦૦,૦૦૦ | ૨૦% |
| ૧૫,૦૦,૦૦૦ થી વધુ | ૩૦% |

# આકારણી વર્ષ ૨૦૨૪–૨૫ તેમજ આકારણી વર્ષ ૨૦૨૫–૨૬ માટે અમલી આવકવેરા જવાબદારીની સરખામણી

| AY ૨૦૨૪–૨૫ માટે | | આવકવેરા | |
|---|---|---|---|
| **કરપાત્ર આવક રૂ.** | **જવાબદારી રૂ.** | **જવાબદારી રૂ.** | **બચતનો લાભ** |
| ૭,૦૦,૦૦૦ | શુન્ય | શુન્ય | શુન્ય |
| ૮,૦૦,૦૦૦ | ૩૬,૪૦૦ | ૩૧,૨૦૦ | ૫,૨૦૦ |
| ૯,૦૦,૦૦૦ | ૪૬,૮૦૦ | ૪૧,૬૦૦ | ૫,૨૦૦ |
| ૧૦,૦૦,૦૦૦ | ૬૨,૪૦૦ | ૫૨,૦૦૦ | ૧૦,૪૦૦ |
| ૧૨,૦૦,૦૦૦ | ૯૩,૬૦૦ | ૮૩,૨૦૦ | ૧૦,૪૦૦ |
| ૧૫,૦૦,૦૦૦ | ૧,૫૬,૦૦૦ | ૧,૪૫,૬૦૦ | ૧૦,૪૦૦ |

## રૂા.૧૫ લાખથી વધુ કરપાત્ર આવક હોય તો નવી યોજનાની પસંદગી કયારે લાભદાયી ?

| **આવકવેરાની મળવાપાત્ર કપાતોનું પ્રમાણ રૂ.** | **જો નવી યોજના પસંદ કરવામાં આવે તો આવકવેરાની બચત રૂ.** | **કઈ યોજના વધુ લાભદાયી?** |
|---|---|---|
| ૨,૦૦,૦૦૦ | (+)૬૫,૦૦૦ | નવી |
| ૨,૫૦,૦૦૦ | (+)૪૯,૪૦૦ | નવી |
| ૩,૦૦,૦૦૦ | (+)૩૩,૮૦૦ | નવી |
| ૩,૫૦,૦૦૦ | (+)૧૮,૨૦૦ | નવી |
| ૪,૦૦,૦૦૦ | (-)૨,૬૦૦ | નવી |
| ૪,૦૮,૩૩૩ | શુન્ય | કોઈપણ |
| ૪,૫૦,૦૦૦ | (-)૧૩,૦૦૦ | જુની |
| ૫,૦૦,૦૦૦ | (-)૨૮,૬૦૦ | જુની |

– રૂ.૪,૦૮,૩૩૩ થી વધુ આવકવેરા કપાતોનું આયોજન શકય હોય તો જુની યોજના વધુ લાભદાયી પુરવાર થાય!

– રૂ.૪,૦૮,૩૩૩ થી ઓછી કપાતોનો લાભ મળવાપાત્ર હોય તેવા કેસમાં નવી યોજના હેઠળ લાભદાયી આવકવેરા બચત મળે!